સુવિચાર
મહાન વસ્તુની પ્રાપ્તિ ક્યારેય ઉત્સાહ કે લગન વિના થતી નથી...

RNI Reg. GUJGUJ/2010/44893
ચોથી જાગીરનો પડકાર
# મુખ્ય સમાચાર
MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com
સાંધ્ય દૈનિક


જેતપુરમાં પ્રેમપ્રકરણમાં મહિલાનું અપહરણ કરનાર ત્રણ મહિલા સહિત છ શખ્સો ઝડપાયા P-4

Year-16, Issue-294 ■ DATE : 28-03-2026 SATURDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલના હસ્તે ૭૫૧ કરોડના પ્રકલ્પોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત





તસ્વીર : ગૌરવ લશ્કરી

આજે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ શહેરના અટલ બિહારી વાજપેયી ઓડિટોરિયમ ખાતે આનંદનગર હાઉસિંગ બોર્ડના રહેવાસીઓ દ્વારા આયોજિત અભિવાદન કાર્યક્રમમાં ઉપસ્થિતિ રહ્યા હતા. તેઓનું હાઉસિંગ બોર્ડના રહેવાસીઓ દ્વારા ફૂલહાર કરી સન્માન કરાયું હતું.

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાતનાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે રાજકોટની મુલાકાતે છે. તેમના હસ્તે ગરીબોને ૧૦૧૦ આવાસો સોંપવા સહિત મનપા તંત્રના રૂ. ૭૫૧ કરોડના વિવિધ વિકાસકાર્યોના લોકાર્પણ-ખાતમુહૂર્ત કરવામાં આવશે. આ ઉપરાંત બાલાજી હોલ નજીક લેઉવા પટેલ નૂતન કેળવણી મંડળ સંચાલિત નવનિર્મિત અત્યાધુનિક બોર્ડિંગ ભવનનું લોકાર્પણ તેમજ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાનું અનાવરણ મુખ્યમંત્રી કરશે. સાથે જ ભક્તિનગર સર્કલ ખાતે આયોજિત કાર્યક્રમમાં વડીલોને જીવન સહાયક ઉપકરણોનું વિતરણ તેમના હસ્તે કરાશે.

અટલબિહારી વાજપેયી ઓડિટોરિયમ ખાતે આનંદનગર હાઉસિંગ બોર્ડના રહેવાસીઓ આયોજિત અભિવાદન કાર્યક્રમમાં પણ મુખ્યમંત્રી હાજરી આપશે. આ સાથે જ મુખ્યમંત્રીનાં હસ્તે નાં નવા ટેસ્ટ ટ્રેક તેમજ કચેરીનું લોકાર્પણ કરાશે. જંગલેશ્વરમાં ડિમોલિશન કરાયું તે રસ્તે પાણી ભરાયેલુ ન રહે તે માટે રૂ.૧ કરોડથી વધુના ખર્ચે સ્લેબ કલ્વર્ટ બનાવવાનાં કામનું ખાતમુહૂર્ત પણ કરાશે.

રાજકોટ શહેરના વિકાસને માટે મહાનગરપાલિકા દ્વારા વિવિધ વિકાસકામો કરવામાં આવી રહ્યા છે. આ પૈકીનાં પૂર્ણ થયેલા કામોનું લોકાર્પણ અને કેટલાક નવા કામોનું ખાતમુહૂર્ત આજે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલનાં હસ્તે કરાશે. જેમાં ગરીબોને ઘરનું ઘર મળી રહે તે આશયથી બનેલા ૧૦૧૦ આવાસોનું લોકાર્પણ કરી સીએમ ૧૦૦૦ જેટલા પરિવ-ારોને ઘરના ઘરની ભેંટ આપશે. તેમજ રૈયાધારનાં અને ઘંટેશ્વરનાં વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટનું લોકાર્પણ કરાશે. આ ઉપરાંત શહેરના મુખ્ય માર્ગોનું નવીનીકરણ કરવાનાં તેમજ નવા ભળેલા વિસ્તારોમાં પાણીનું વિતરણ યોગ્ય રીતે કરી શકાય તે માટે બનનારા ૧૫૦ નાં વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ સહિત અલગ-અલગ ૪૦ વિકાસકામોનું ખાતમુહૂર્ત સીએમનાં હસ્તે કરાશે. આમ મહાપાલિકાનાં રૂ. ૭૫૧.૧૯ કરોડના વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ તેમજ ખાતમુહૂર્તનો કાર્યક્રમ બપોરે ૦૩૦૦ કલાકે પ્રમુખ સ્વામી ઓડિટોરિયમ ખાતે યોજાશે.

## રાજકોટમાં ૧૦૧૦ આવાસો, લેઉવા પટેલ બોર્ડિંગ ભવન તેમજ નવા આરટીઓ ટેસ્ટ ટ્રેક-કચેરીનું લોકાર્પણ

આ નવી વ્યવસ્થાથી ડ્રાઈવિંગ ટેસ્ટમાં માનવીય હસ્તક્ષેપ સંપૂર્ણપણે નાબૂદ થશે. બપોરે ૩ કલાકે પ્રમુખસ્વામી ઓડિટોરિયમ ખાતે યોજાનાર કાર્યક્રમમાં મુખ્યમંત્રી આ હાઈટેક સુવિધા રાજકોટની જનતાને સમર્પિત કરશે. નવા એઆઈ ટ્રેકની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમાં કુલ ૧૭ હાઈ-ડેફિનેશન સીસીટીવી કેમેરા અને સેન્સર ઈન્સ્ટોલ કરવામાં આવ્યા છે. ટેસ્ટ દરમિયાન વાહનચાલક ક્યાંય પણ લાઈન ટચ કરે, રિવર્સમાં ભૂલ કરે કે ટ્રાફિક નિયમ ચૂકે તો સેન્સર તરત જ તે ડેટા કેપ્ચર કરી લેશે.

## Petrol & Diesel Rate




| | |
|---|---|
| પેટ્રોલ | રૂ. ૯૫.૧૯/લીટર |
| ડીઝલ | રૂ. ૯૦.૮૬/લીટર |
| CNG | રૂ. ૮૦.૨૬/કિલો |

| | સોનુ | ચાંદી |
|---|---|---|
| Today Rate | ₹૧,૪૮,૧૨૦ | ₹૨,૪૫,૦૦૦ |
| | +૨,૪૯૦ | +૫,૦૦૦ |
| | (૧૦ ગ્રામ, ૨૪ કેરેટ) | (૧ કિલો) |

| ડોલર | પાઉન્ડ |
|---|---|
| ₹૯૪.૮૬ | ₹૧૨૫.૮૫ |

# આજથી આઈપીએલનો ધમાકેદાર પ્રારંભ : સાંજે બેંગ્લોર - હૈદરાબાદ વચ્ચે પ્રથમ જંગ




૬૫ દિવસની ટુર્નામેન્ટમાં ૧૦ ટીમો વચ્ચે ૭૪ મેચ રમાશે : તમામ ટીમો ચેમ્પિયન બનવા માટે શ્રેષ્ઠ પ્રયાસો કરશે

**મુખ્ય સમાચાર, બેંગલુરૂ**

ચોગ્ગા અને છગ્ગાનો પડઘો, છેલ્લા બોલ સુધી સસ્પેન્સ અને દરરોજ સાંજે એક નવો હીરો - આ ઉત્સાહ સાથે, આજ થી ઇન્ડિયન પ્રીમિયર લીગની નવી સીઝન શરૂ થવા જઈ રહી છે. ક્રિકેટનો આ મહાન કુંભ ફરી એકવાર વર્તમાન ચેમ્પિયન રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર અને સનરાઇઝર્સ હૈદરાબાદ વચ્ચેની મેચ રંગીન બનાવશે. અહીં, દરેક મેચમાં રેકોર્ડ તોડવા અને ૩૦૦ ના ઐતિહાસિક આંકડાને સ્પર્શવાની અપેક્ષાઓએ ઉત્સાહને ચરમસીમાએ પહોંચાડ્યો છે.

દસ ટીમો ચેમ્પિયન બનવા માટે શ્રેષ્ઠ પ્રયાસો કરશે. શરૂઆતની મેચમાં બેંગલુ માટે ટાઇટલ બચાવવાનો પડકાર હશે. આ દરમિયાન, પાંચ વખતની વિજેતા મુંબઈ ઇન્ડિયન્સ, ચેન્નાઈ સુપર કિંગ્સ અને કોલકાતા નાઈટ રાઈડર્સ ગુમાવેલી જગ્યા પાછી મેળવવાનો પ્રયાસ કરશે. પંજાબ કિંગ્સ અને દિલ્હી કેપિટલ્સ ટ્રોફી માટે ૧૯ વર્ષની રાહ જોવાનો અંત લાવવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરશે.

રાજસ્થાન અને ગુજરાત બીજી વખત ટ્રોફી જીતવા પ્રયાસ કરશે, જ્યારે લખનૌ પણ ટાઇટલ જીતવા માટે ઉત્સુક છે. મહેન્દ્ર સિંહ ધોની, કિંગ કોહલી અને રોહિત શર્મા જેવા અનુભવી ખેલાડીઓની સાથે, કેટલાક યુવાનો પર પણ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે જે તેમની રમતથી પ્રભાવ પાડવા માટે કોઈ કસર છોડશે નહીં.

ટુર્નામેન્ટનો ઉદ્દઘાટન મેચ એમ ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં રમાશે. આ મેચ પહેલાનું વાતાવરણ થોડું ગૌરવપૂર્ણ છે, કારણ કે ગયા વર્ષે ૪ જૂને બેંગલુરૂના ટાઇટલ વિજેતા ઉજવણી દરમિયાન સ્ટેડિયમની બહાર થયેલી ભાગદોડમાં ૧૧ લોકોના મોત થયા હતા. કર્ણાટક સ્ટેટ ક્રિકેટ એસોસિએશન અને RCB મેનેજમેન્ટે આ દુર્ભાગ્યપૂર્ણ ઘટનામાં જીવ ગુમાવનારાઓની યાદને જાળવી રાખવા માટે નિર્ણય લીધો છે.

KSCA એ જાહેરાત કરી છે કે સ્ટેડિયમમાં ૧૧ બેઠકો કાયમ માટે ખાલી રાખવામાં આવશે. RCB ખેલાડીઓ પ્રથમ મેચના દિને પ્રેક્ટિસ સેશન દરમિયાન ૧૧ નંબરની જર્સી પહેરશે.

આરસીબી અને સનરાઇઝર્સ બંનેની બોલિંગ નબળી છે. આરસીબીને હેઝલવુડ અને ડાબોડી ફાસ્ટ બોલર દયાલ વિના રમવું પડશે. બંનેએ તેને ચેમ્પિયન બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

હેઝલ ઈજાના કારણે શરૂઆતની મેચો નહીં રમી શકે.આરસીબીને અનુભવી ફાસ્ટ બોલર ભુવનેશ્વર, સ્પિનરો કૃણાલ, સુયશ અને ડાબોડી ફાસ્ટ બોલર મંગેશ યાદવ પર આધાર રાખવો પડશે. હૈદરાબાદના કેપ્ટન પેટ કમિન્સ પણ શરૂઆતના તબક્કામાં ટીમમાં રહેશે નહીં.

બન્ને ટીમની બેટિંગના નુકસાનની ભરપાઈ બેટિંગ દ્વારા કરવી પડશે. આરસીબી પાસે કોહલી, ડેવિડ, સોલ્ટ, બેથેલ, કેપ્ટન પાટીદાર, શેફર્ડ જેવા બેટ્સમેન છે. જોકે, ટીમ બેથેલને ટોચના ક્રમમાં રમાડવા પડિક્કલ અને સોલ્ટને બદલશે.

બેથેલ શાનદાર ફોર્મમાં છે. તેણે વર્લ્ડ કપમાં સદી ફટકારી હતી. તે જ સમયે, સનરાઇઝર્સ પાસે હેડ, અભિષેક, ઇશાન અને ક્લાસેનના રૂપમાં મજબૂત બેટ્સમેન પણ છે.

## ઈરાનમાં 'કિલ ટ્રમ્પ' અભિયાન : હત્યા કરનારને ૨૨૫ કરોડનું ઈનામ જાહેર

ઈરાનના સોશિયલ મીડિયા પર એક ચોંકાવનારી ઝુંબેશ ઝડપથી ફેલાઈ રહી હોવાના અહેવાલ આવ્યા છે. ઘણા ઈરાની નાગરિકોને મોબાઇલ પર સામૂહિક સંદેશ મળી રહ્યા છે. જેમાં લખ્યું છે કે, એક આંતરરાષ્ટ્રીય ઝુંબેશ હેઠળ ટ્રમ્પની હત્યા કરનારને રૂપિયા ૨૨૫ કરોડ જેટલું મોટું ઇનામ આપવામાં આવશે. ટ્રમ્પની હત્યા માટે નાણાં ભેગા કરવા નાગરિકોને ડોનેશન આપવાની અપીલ કરવામાં આવી રહી છે. આ ઝુંબેશ ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લા અલી ખામેનીની હત્યા પછી શરૂ થઈ હોવાનું કહેવાય છે. ઈરાનની લોકપ્રિય એપ 'બિકા' પર ''કિલ ટ્રમ્પ'' નામની ચેનલ ચાલે છે, જેના ૨.૩ લાખથી વધુ સબ્સ્ક્રાઈબર્સ છે. આ ચેનલમાં ટ્રમ્પની તસવીર પર લાલ લેસર ડોટ દર્શાવવામાં આવ્યો છે. બીજી એપ 'બેલ' પર પણ આવી જ એક ચેનલ છે જેમાં ૨,૦૦૦ જેટલા સભ્યો છે. બંને ચેનલો આ ઝુંબેશને સમર્થન આપી રહી છે. આ ઝુંબેશ ઈરાન યુદ્ધ શરૂ થાય તે પહેલાં જ ફેબ્રુઆરી ૨૦૨૬માં શરૂ થઈ ગઈ હતી.

## ટ્રમ્પ અને મોદી વચ્ચેની ટેલિફોનિક વાતચીતમાં ઈલોન મસ્ક બન્યા બ્રિજ



**મુખ્ય સમાચાર, વોશિંગ્ટન**

મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા યુદ્ધ વચ્ચે મંગળવારે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે ટેલિફોનિક વાતચીત થઈ હતી. જોકે, આ હાઈ-પ્રોફાઈલ કોલ માત્ર બે નેતાઓ પૂરતો સીમિત નહોતો. ન્યૂ યોર્ક ટાઈમ્સના અહેવાલ મુજબ, વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ ઈલોન મસ્ક પણ આ વાતચીત દરમિયાન હાજર હતા.

ન્યૂ યોર્ક ટાઈમ્સે બે અમેરિકી અધિકારીઓને ટાંકીને અહેવાલ આપ્યો છે કે, પીએમ મોદી અને ટ્રમ્પ વચ્ચે જ્યારે મિડલ ઈસ્ટની કટોકટી પર ચર્ચા થઈ રહી હતી, ત્યારે ઈલોન મસ્ક પણ ફોન પર હતા. જોકે, મસ્કે આ વાતચીતમાં કોઈ સલાહ આપી કે માત્ર સાંભળ્યું તે સ્પષ્ટ નથી, પરંતુ બે શક્તિશાળી લોકશાહી દેશોના વડાઓની વાતચીતમાં એક બિઝનેસમેનની હાજરી ભારત-અમેરિકા વચ્ચેના ભવિષ્યના સંબંધોમાં મસ્કની વધતી જતી ભૂમિકા તરફ ઈશારો કરે છે.

આ વાતચીતનો મુખ્ય એજન્ડા મિડલ ઈસ્ટમાં ઈરાનના પ્રભાવ હેઠળની હોર્મુઝ સ્ટ્રેટ હતી. આ જળમાર્ગ વિશ્વના કુલ ક્રૂડ ઓઈલના ૨૦-૨૫ ટકા પરિવહન માટે અત્યંત મહત્ત્વનો છે. વડાપ્રધાન મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે હોર્મુઝ સ્ટ્રેટ ખુલ્લું અને સુરક્ષિત રહે તે સમગ્ર વિશ્વની અર્થવ્યવસ્થા માટે અનિવાર્ય છે. બંને નેતાઓ આ વિસ્તારમાં શાંતિ અને સ્થિરતા જાળવવા સતત સંપર્કમાં રહેવા સંમત થયા હતા.

ભારત કે અમેરિકાની સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી સત્તાવાર અખબારી યાદીમાં ક્યાંય પણ ઈલોન મસ્કની હાજરીનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. નોંધનીય છે કે ડોનાલ્ડ ટ્રમ્પની જીત બાદ મસ્કને ડિપાર્ટમેન્ટ ઓફ ગવર્નમેન્ટ એફિશિયન્સીની જવાબદારી સોંપાઈ છે, જેનો મુખ્ય હેતુ ફેડરલ ખર્ચ ઘટાડવાનો છે. જોકે, વિદેશ નીતિના નિર્ણયોમાં પણ મસ્કની સક્રિયતા હવે જગજાહેર થઈ રહી છે.

ભારતમાં અમેરિકાના રાજદૂત સર્જિયો ગોરે પણ પુષ્ટિ કરી છે કે પશ્ચિમ એશિયાની સ્થિતિ મુદ્દે બંને નેતાઓ ગંભીર છે. જો ઈલોન મસ્ક આ સમીકરણમાં સામેલ હોય, તો તે ભારત માટે ટેકનોલોજી, રોકાણ અને રક્ષણના ક્ષેત્રે અમેરિકા સાથેના સંબંધોને વધુ મજબૂત બનાવવાની નવી તક પૂરી પાડી શકે છે.

## વડાપ્રધાન મોદી તા.૩૧મીએ ગુજરાતમાં ૮૯૧ કરોડના રેલવે પ્રોજેક્ટ્સનું લોકાર્પણ કરશે



**મુખ્ય સમાચાર, ગાંધીનગર**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી ૩૧ માર્ચે મંગળવારના રોજ ગુજરાતના એક દિવસીય પ્રવાસે છે, જે દરમિયાન તેઓ રાજ્યના નાગરિકોને ભારત સરકારના રેલવે મંત્રાલય હેઠળ ૮૯૧ કરોડના વિવિધ પ્રોજેક્ટ્સની ભેટ આપશે. કનેક્ટિવિટીને મજબૂત બનાવવા, આર્થિક પ્રવૃત્તિઓને વેગ આપવા અને મુસાફરોની પરિવહન સુવિધા વધારવા માટે વડાપ્રધાનશ્રી એક નવી ટ્રેનને પણ લીલી ઝંડી આપશે. વડાપ્રધાનશ્રી ગુજરાતમાં વાવ-થરાદ ખાતેથી આ પ્રોજેક્ટ્સનું વર્ચ્યુઅલ ઉદઘાટન કરશે. આ કાર્યક્રમ દરમિયાન રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ઉપસ્થિત રહેશે. ઉલ્લેખનીય છે કે, રેલવેના આ પ્રોજેક્ટ્સ ગુજરાતમાં રેલ માળખાના આધુનિકીકરણ અને પ્રાદેશિક વિકાસને વેગ આપવા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી હિંમતનગર-ખેડબ્રહ્મા સુધીની ૫૫ કિમી નવી લાઇનનું ઉદઘાટન કરશે, જે ૪૮૨ કરોડના ખર્ચે નિર્માણ કરવામાં આવી છે. તેના થકી સાબરકાંઠા જિલ્લામાં કનેક્ટિવિટીમાં નોંધપાત્ર સુધારો થશે, જે ઝડપી અને પોસાય તેવા દરે મુસાફરી સુનિશ્ચિત કરશે, તેમજ આ પ્રોજેક્ટથી અમદાવાદને ઉદયપુર સાથે સીધું જોડાણ મળશે. તેનાથી આરોગ્યસંભાળ અને શિક્ષણ જેવી આવશ્યક સેવાઓની પહોંચમાં વધારો થશે તેવો અંદાજ છે અને સાથે-સાથે સ્થાનિક સમુદાયો માટે આજીવિકાની નવી તકો પણ ઊભી થશે.

તે સિવાય ૨૫૭ કરોડના ખર્ચે નિર્મિત કાનાલુસ-જામનગર ડબલિંગ પ્રોજેક્ટ (૨૭ કિલોમીટર) અંતર્ગત વધારાની રેલવે લાઇન અને ગાંધીધામ-આદિપુર મલ્ટીટ્રેકિંગ પ્રોજેક્ટ (૧૧ કિલોમીટર)નું પણ વડાપ્રધાન દ્વારા લોકાર્પણ કરવામાં આવશે. આ પરિયોજનાઓથી ટ્રેનની અવરજવર વધુ ઝડપી અને સુગમ બનશે. સાથોસાથ ગુડ્સની અવરજવર વધુ કાર્યક્ષમ રીતે થશે અને દીનદયાળ પોર્ટ સહિત મહત્વના ઔદ્યોગિક કેન્દ્રો સુધી કનેક્ટિવિટીમાં સુધારો થશે અને સ્થાનિક પ્રવાસન વિકાસમાં પણ યોગદાન આપશે.

## બોટાદમાં ૨૦૧૯માં થયેલ ખૂન બાદ ચોંકાવનારો ખુલાસો

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

સૌરાષ્ટ્રના બોટાદમાં ૨૦૧૯માં થયેલા મર્ડર બાદ હત્યાની હારમાળા શરૂ થઇ હોય તેમ બે સાક્ષીઓના પણ ખૂન થઇ જતાં ત્રણેય હત્યા એક બીજા સાથે સંકળાયેલી છે કે કેમ તે દિશામાં તપાસ શરૂ કરવામાં આવી છે. બોટાદમાં ૨૦૧૯મા મનજી સોલંકીની હત્યા થઇ હતી. આ ઘટનાના સાક્ષી રાજેશ મકવાણાનું ૨૦૨૩માં મર્ડર થયું હતું. મકવાણાના ખૂનના સાક્ષી એવા સંજય વાઘેલાની ગત સોમવારે હત્યા થઇ હતી. હત્યાનો ભોગ બનેલા ત્રણેય લોકો દલિત હતા જ્યારે તેમાં કોઇ કનેકશન છે કે કેમ તે દિશામાં તપાસ શરૂ થઇ છે. હત્યાની આ સિકવન્સ ૧૯ જૂન-૨૦૧૯થી શરૂ થઇ હતી. રાણપુર તાલુકાના જાલીલાના મહિલા સરપંચના પતિ મનજી સોલંકીની હત્યા થઇ હતી. તેઓ મોટર સાયકલ પર હાઇવે પરથી પસાર થઇ રહ્યા હતા. ત્યારે કારે ઠોકરે લીધા હતા અને પછી લાકડી-પાઇપથી હુમલો થયો હતો. ગંભીર ઇજા સાથે અમદાવાદ હોસ્પીટલે ખસેડાયા હતા. જ્યાં મોત નિપજ્યું હતું. ૬ શખ્સો સામે ગુનો નોંધાયો હતો. રાજેશ મકવાણા તેમાં સાક્ષી બન્યા હતા. આ પછી ૬ સપ્ટેમ્બર-૨૦૨૩ના રોજ રાજેશ મકવાણાની પણ રાણપુર પંથકમાં હત્યા થઇ હતી. ફરિયાદ મુજબ ધીરૂ ખાચર, હરેશ ખાચર, કિશોર ખાચર, રઘુ ખાચર તથા અન્ય ત્રણ અજાણ્યા શખ્સોએ તેમને અટકાવીને ધોકા-પાઇપથી હુમલો કર્યો હતો અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું. તેમના મોત પૂર્વે તેમણે ઘટના વર્ણવતો વીડિયો બનાવ્યો હતો તે વાઇરલ થયો હતો. હવે તા.૨૩ માર્ચ ૨૦૨૬ના રોજ મકવાણાની હત્યા કેસના સાક્ષી સંજય વાઘેલાની હત્યા થઇ હતી તેઓનો ગોધવતા ગામ પાસે ખેતરમાંથી મૃતદેહ મળી આવ્યો હતો.

આ દરમ્યાન રાજુ ગઢવીના ખેતરમાંથી મૃતદેહ મળી આવ્યો હતો. પીઠ, ચહેરા, પગ અને વાંસાના ભાગે ઇજાના નિશાન હતા. નાક અને મોઢા પર ધૂળ પણ ચોંટેલી હતી. ઘટના સ્થળેથી જ કાર અને મોબાઇલ મળી આવ્યા હતા.

## ઈરાનના પરમાણુ મથક પર ઈઝરાયલનો હુમલો



**મુખ્ય સમાચાર, તહેરાન**

અમેરિકા, ઈઝરાયલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલ યુદ્ધ પરમાણુ શસ્ત્રોના નાબૂદી તરફ આગળ વધી રહ્યું છે. બંને દેશો સતત ઈરાનના સમૃદ્ધ યુરેનિયમનો નાશ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે, પરંતુ તેઓ હજુ સુધી સફળ થયા નથી. પરિણામે, અમેરિકા અને ઈઝરાયલ હવે સંયુક્ત રીતે ઈરાનના બાકી રહેલા પરમાણુ સુવિધાઓને નિશાન બનાવી રહ્યા છે. શુક્રવારે, ઈઝરાયલી વાયુસેનાએ પુષ્ટિ આપી કે તેણે ઈરાનના હૃદયમાં સ્થિત યાઝદમાં યુરેનિયમ પ્રોસેસિંગ સુવિધા પર હુમલો કર્યો છે. અગાઉ, ઈરાનના પરમાણુ ઉર્જા સંગઠને પણ આ હુમલાની પુષ્ટિ કરી હતી.

ઈઝરાયલી સૈન્યએ શુક્રવારના હુમલાઓની વિગતો આપતું એક નિવેદન બહાર પાડ્યું. આઈડીએફે કહ્યું, થોડા સમય પહેલા, અમારા વાયુસેનાએ ઈરાનના હૃદયમાં સ્થિત યાઝદમાં યુરેનિયમ પ્રોસેસિંગ સુવિધા પર હુમલો કર્યો હતો. ઈઝરાયલી સૈન્યએ આ સુવિધાને ઈરાનના પરમાણુ કાર્યક્રમ માટે મહત્વપૂર્ણ ગણાવી હતી. સૈન્યએ કહ્યું કે યુરેનિયમ સંવર્ધન માટે જરૂરી કાચો માલ અહીંથી કાઢવામાં આવે છે.

ઈરાન અને ઈઝરાયલ વચ્ચે તણાવ ફરી એકવાર ખતરનાક વળાંક પર પહોંચી રહ્યો હોય તેવું લાગે છે. પરિસ્થિતિ વિકસી રહી હોય તેવું લાગે છે, જે સૂચવે છે કે આગામી દિવસોમાં સંઘર્ષ વધુ વકરી શકે છે. ઈરાનના પરમાણુ સુવિધાઓ પર તાજેતરના હુમલાઓએ સમગ્ર પ્રદેશમાં ખળભળાટ મચાવી દીધો છે. ઈરાનના સરકારી સમાચાર એજન્સી ત્સ્ફખ્? અનુસાર, બે મુખ્ય પરમાણુ સુવિધાઓને નિશાન બનાવવામાં આવી હતીં એક ભારે પાણી પ્લાન્ટ અને એક યલોકેક ઉત્પાદન સુવિધા. બંને સુવિધાઓ ઈરાનના પરમાણુ કાર્યક્રમ માટે મહત્વપૂર્ણ માનવામાં આવે છે. ઈરાનના પરમાણુ ઉર્જા સંગઠને અહેવાલ આપ્યો છે કે આ હુમલાઓમાં અરકમાં શાહિદ ખોંદાબ ભારે પાણી સંકુલ અને યઝદ પ્રાંતમાં અરદાકાન પ્લાન્ટને નિશાન બનાવવામાં આવ્યા હતા. રાહતની વાત એ છે કે અત્યાર સુધી કોઈ જાનહાનિ કે કિરણોત્સર્ગી લીકેજના અહેવાલ નથી. જોકે, ખતરો ટળ્યો નથી, અને વાતાવરણ તંગ રહે છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# મોરબીના વજેપરમાં રહેણાંકમાં દેશી દારૂના અડ્ડા ઉપર રેડ : બે મહિલા સહિત ૭ ની અટક, એક ફરાર

**દારૂ વેચાણ માટે રાખેલ ત્રણ માણસો, દારૂ પીવા આવેલ નશામાં ધૂત બે ઈસમો સહિત સાત ઝબ્બે : પોલીસે દારૂ, જીવલેણ હથિયારો અને ૬ મોબાઈલ સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો, આરોપી મહિલાઓએ પોલીસને ધમકી આપી**


**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના વજેપર વિસ્તારમાં સીટી એ ડિવિઝન પોલીસે ખાનગી રાહે મળેલ બાતમીને આધારે રહેણાંકમાં ચાલતા દેશી દારૂના અડ્ડા ઉપર દરોડો પાડી બે મહિલા સહિત ૭ આરોપીઓને ઝડપી પાડ્યા છે, જ્યારે મુખ્ય આરોપી ફરાર થઈ ગયો છે. પોલીસે રેડ દરમિયાન ઘરમાંથી દેશી દારૂ, જીવલેણ હથિયારો અને ૬ મોબાઈલ ફોન સહિતનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. આ દરમિયાન આરોપી મહિલાઓએ પોલીસ કાર્યવાહી દરમિયાન વિરોધ કરી કેસ કર્યો તો દવા પી પોલીસને ધંધે લગાડવાની ધમકીઓ આપી કાયદેસરની કામગીરીમાં અવરોધ ઉભો કર્યો હતો. સમગ્ર મામલે પોલીસ દ્વારા પ્રોહિબિશન અને અન્ય કલમો હેઠળ ગુનો નોંધી આગળની તપાસની તજવીજ હાથ ધરી છે.

મોરબી સીટી એ ડિવિઝન પોલીસને બાતમી મળેલ કે, વજેપર શેરી નં.૨૪માં બુટલેગર સુરેશભાઈ ઉર્ફે સુડો લક્ષ્મણભાઈ થરેશા તેની પત્ની અને દીકરી પોતાના રહેણાંક મકાનમાં દેશી દારૂ રાખી તેનું વેચાણ કરે છે. જે મુજબની મકેલ બાતમીને આધારે સીટી એ ડિવિઝન પોલીસ ટીમ દ્વારા ઉપરોક્ત ઘરમાં દરોડો પાડવામાં આવ્યો હતો. રેઈડ દરમિયાન મકાનમાંથી ૨૪ લીટર દેશી દારૂ મળી આવ્યો હતો, આ ઉપરાંત હોકી સ્ટીકમાં તલવાર, ધારીયું અને લોખંડની ટામી જેવા જીવલેણ હથિયારો પણ મળી આવ્યા હતા. જેથી ઘરમાં હાજર આરોપીઓમાં મનીષાબેન સુરેશભાઈ થરેસા ઉવ.૪૫ રહે. વજેઓર શેરી નં.૨૪, પ્રિતીબેન હિતેશભાઈ આજોલા ઉવ.૨૫ રહે. મોરબી તથા દાઉદભાઈ અબ્બાસભાઈ ખુરેશી ઉવ.૨૪ રહે. વજેઓર શેરી નં.૨૪, કલસિંગ અમરભાઈ ખડીયા રહે.વજેપર મૂળ મધ્યપ્રદેશ, હરીસિંગ સંગ્રામસિંગ લુહાર રહે. વાઘપરા સત્યનારાયણ એપાર્ટમેન્ટમાં મોરબી મૂળ નેપાળ દેશ. તથા મહાવીરસિંહ પ્રવિણસિંહ જાડેજા ઉવ.૪૨ રહે.૪૦૪ ઓમ રેસિડેન્સી સામાકાંઠે મોરબી અને આરોપી આનંદભાઈ ડાયાભાઈ સોરઠીયા રહે. મુનનગર ચોક શેરી નં. ૩/૪ મોરબી વાળાની અટકાયત કરવામાં આવી હતી, જ્યારે પકડાયેલ આરોપીઓ પાસેથી કુલ ૬ મોબાઈલ ફોન જપ્ત કરવામાં આવ્યા હતા.રેઈડ દરમિયાન મુખ્ય આરોપી સુરેશભાઈ થરેશા હાજર નહિ મળી આવતા પોલીસે તેને ફરાર જાહેર કર્યો હતો.

તપાસમાં દરમિયાન બુટલેગર પોતાના પરિવાર સાથે દેશી દારૂનું વેચાણ કરતા, જ્યારે અન્ય ત્રણ માણસો પાસે દારૂનું વેચાણ કરાવતો અને જ્યારે બે ઈસમો દારૂ પીવા આવેલા જેમની નશો કરેલ હાલતમાં અટકાયત કરવામાં આવી હતી. રેડ દરમિયાન આરોપી મહિલાઓએ પોલીસને ધમકી આપતા કહ્યું હતું કે કેસ કરવામાં આવશે તો તેઓ દવા પી આત્મહત્યા કરી દેશે અને પોલીસને ફસાવશે. હાલ આ મામલે પોલીસ દ્વારા પ્રોહિબિશન એક્ટ, ભારતીય ન્યાય સંહિતા તથા જી.પી. એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# ઉનાના મોટાડેસર ગામે જનાગઢ રેન્જ ટીમ પોલીસનો દરોડોઃ ચોરખાનામાં સંતાડેલો દારૂ ઝડપાયો



**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ – અબ્દુલ પઠાણ**

ઉના તાલુકાના મોટાડેસર ગામના ખરાવાડી વિસ્તારમાં જૂનાગઢ રેન્જ ટીમ પોલીસની કાર્યવાહી રહેણાંક મકાનમાં બનાવેલા ગુપ્ત રીતે ચોરખાનામાંથી મોટી માત્રામાં ઇંગ્લિશ દારૂનો જથ્થો ઝડપાયો હતો મળતી માહિતી મુજબ, જૂનાગઢ રેન્જના પો.હેડ કો. જગદીશભાઈભાઈ રામસિંહભાઈ બાંભણીયા તથા પોલીસ કોન્સ્ટેબલ રાહુલભાઈ નારણભાઈ છેલાણા તથા પોલીસ હેડ કોન્સ્ટેબલ કનકસિંહ નાનુભા કાગડા સહિતની ટીમ મ્હે. ડી.આઈ.જી.પી. જુનાગઢ રેન્જની સૂચના મુજબ પ્રોહિબિશન અને જુગાર સંબંધિત પેટ્રોલિંગમાં હતી બપોરે અંદાજે ૩ વાગ્યે બાતમી મળી હતી કે ધીરુભાઈ ભીખાભાઈ ભાંભણીયાના કબ્જા ભોગવટાના મકાનમાં સીડી નીચે બનાવેલા ચોરખાનામાં ઇંગ્લિશ દારૂનો જથ્થો રાખી છૂટક વેચાણ કરવામાં આવે છે. મકાનમાં હાજર અશ્વીનભાઈ ધીરુભાઈ ભાંભણીયા પાસેથી પૂછપરછ બાદ તપાસ કરવામાં આવી હતી તપાસ દરમિયાન સીડી નીચેના ચોરખાનામાંથી વિવિધ બ્રાન્ડની કંપની સીલ પેક બોટલો મળી આવી આવતા. મુદ્દામાલ સાથે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સમગ્ર મામલે પ્રોહિબિશન અધિનિયમ હેઠળ વધુ તપાસ હાથ ધરી છે

# જામનગર જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાયો




**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લા કલેકટર કેતન ઠક્કરના અધ્યક્ષ સ્થાને જિલ્લા કક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ કલેક્ટર કચેરી ખાતે યોજાયો હતો. કલેક્ટરએ કાર્યક્રમ દરમિયાન નાગરિકોની વિવિધ રજૂઆતો ધ્યાનપૂર્વક સાંભળી તાત્કાલિક અને અસરકારક નિરાકરણ લાવવા માટે સંબંધિત વિભાગોને જરૂરી સૂચનાઓ આપી હતી.કલેક્ટરએ અરજદારો સાથે સહાનુભૂતિપૂર્વક વાતચીત કરી તેમની સમસ્યાઓની મૂળભૂત હકીકતો જાણી સ્થળ પર જ ઉકેલ લાવવાનો પ્રયત્ન કર્યો હતો.

સ્વાગત કાર્યક્રમમાં આવેલ ચાલુ મહિનાની ૮ અને ગત માસની ૫ એમ કુલ ૧૩ પૈકી ૧૦ અરજીઓનું સ્થળ પર જ હકારાત્મક નિરાકરણ લાવવામાં આવ્યું હતું, જ્યારે બાકીની અરજીઓ માટે નિર્ધારિત સમયમર્યાદામાં કાર્યવાહી કરી અહેવાલ રજૂ કરવા કલેકટરએ જણાવ્યું હતું.આ અરજીઓમાં વાહન ટ્રાન્સફર અન્વયે પેમેન્ટને લગત પ્રશ્ન, સરકારી ખરાબાનું દબાણ દૂર કરવા, ચા ની હોટેલના દબાણ અને ગંદકીને લગત પ્રશ્ન, ઘર પાસે અવરોધરૂપ બંધ કેબિન દૂર કરવા અંગે, પ્લોટમાં વારસાઈ એન્ટ્રી પાડી વારસાઈ કરાવવા બાબત, પીએમ કિસાન યોજનાના હપ્તાની સહાય અંગે, ખનીજ ચોરી કરનાર સામે કાર્યવાહી કરવા બાબત,આવાસની ડિપોઝિટ અંગે અરજદારોની રજૂઆતોની ચર્ચા કરી તેનું હકારાત્મક નિરાકરણ લાવવામાં આવ્યું હતું.સ્વાગત કાર્યક્રમ દ્વારા નાગરિકોને સીધી રીતે પોતાના પ્રશ્નો રજૂ કરવાની અને પારદર્શક પદ્ધતિથી ઝડપી નિવારણ મેળવવાની સગવડ ઉપલબ્ધ થતી હોવાને કારણે અરજદારોએ સંતોષ વ્યક્ત કરી કલેકટરનો આભાર માન્યો હતો. કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારી અંકિત પન્નું, નિવાસી અધિક કલેક્ટર શારદા કાથડ, પ્રાંત અધિકારીઓ, લગત વિભાગના અધિકારીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# મોરબી મનપા દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત નવી અરજી કરવા સભાનું આયોજન

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકા દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી)૨.૦ અંતર્ગત બેનીફીશીયરી લેડ કન્ટ્રકશન ઘટક હેઠળ નવી અરજી સ્વીકારવા અને આવાસ વિહોણા લોકોને પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ મળવાપાત્ર લાભોથી માહિતગાર કરવા રાત્રી-સભાનું આયોજન કરવામાં આવેલ છે.

આ રાત્રી સભામાં PMAY(U)2.0 અંતર્ગતના કોને અને કેવી રીતે લાભ મળવાપાત્ર થાય છે તેની વિગતવાર માહિતી મોરબી મહાનગરપાલિકાના આવાસ વિભાગ દ્વારા આપવામાં આવશે. ત્યારે આ રાત્રી સભા ૧.મોરબી મહાનગરપાલિકા ક્લસ્ટર-૧ ની કચેરી(જુની નાની વાવડી ગ્રામપંચાયતની ઓફીસ) મોરબી ખાતે તા.૨૭/૦૩/૨૦૨૬ શુક્રવારે સાંજે ૬:૩૦ થી ૭:૩૦ તથા મોરબી મહાનગરપાલિકા ક્લસ્ટર-૧૦ ની કચેરી(જુની રવાપર ગ્રામપંચાયતની ઓફીસ) ખાતે તા.૨૮/૦૩/૨૦૨૬ શનિવારે સાંજે ૬:૩૦ થી ૭:૩૦ સુધી રાખવાના આવેલ છે, જેમાં પોતાના સપનાના નવીન ઘરના બાંધકામ કરવા ઈચ્છુક આવાસ વિહોણા લોકોને આ રાત્રીસભામાં પધારવા અનુરોધ કરવામાં આવે છે.

# ઊનાના વાજડી ગામે શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું ભવ્ય આયોજન

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ – અબ્દુલ પઠાણ**

ઉના તાલુકાના વાજડી ગામ ખાતે આવેલ શ્રી હનુમાનજી આશ્રમ ''મારુતિ ધામ'' ખાતે ભક્તિભાવથી ઓતપ્રોત એવા શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.આ ધાર્મિક યજ્ઞનો શુભ પ્રારંભ તા. ૦૩ એપ્રિલ ૨૦૨૬, શુક્રવારના રોજ થશે અને તા. ૦૯ એપ્રિલ ૨૦૨૬ સુધી સતત ચાલુ રહેશે. કથાનો સમય દરરોજ સવારે ૯ થી ૧૨ તથા બપોરે ૩:૩૦ થી ૬:૩૦ સુધી રહેશે.આ પવિત્ર પ્રસંગે પ્રખ્યાત કથાવ્યાસ પ.પૂ. શાસ્ત્રીજી મહેશચંદ્ર કે. જોષી (બગસરા) દ્વારા શ્રીમદ ભાગવત મહાપુરાણની રસમય અને ભાવસભર કથા કરવામાં આવશે, જેમાં ભક્તજનોને ધાર્મિક જ્ઞાન સાથે આધ્યાત્મિક પ્રેરણા પ્રાપ્ત થશે.આ સપ્તાહ દરમિયાન વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં શ્રી મંગલાચારણ પોથી યાત્રા, શ્રી નરસિંહ પ્રાગટ્ય, શ્રી વામન અવતાર, શ્રી રામ જન્મોત્સવ, શ્રી કૃષ્ણ જન્મ મહોત્સવ, શ્રી ગોવિંદ લીલા, શ્રી રુક્મિણી વિવાહ, શ્રી સુદામા ચરિત્ર તેમજ સમાપન કથા વિસર્જન જેવા પાવન પ્રસંગોનો સમાવેશ થાય છે.સ્થળ શ્રી હનુમાનજી આશ્રમ ''મારુતિ ધામ'', મુ. પો. વાજડી, તા. ઉના, જિ. ગીરસોમનાથ.

આ પવિત્ર ધાર્મિક પ્રસંગે મહંત શ્રી વિશ્વનાથદાસજી બાપુ દ્વારા સર્વે શ્રદ્ધાળુઓ અને ધાર્મિક ભાવિકોને સાદર આમંત્રણ આપવામાં આવે છે કે તેઓ પોતાના પરિવાર સાથે ઉપસ્થિત રહી કથારસનો લાભ લે અને જીવન ધન્ય બનાવે. કાર્યક્રમ દરમિયાન પ્રસાદ તેમજ અન્ય સુવિધાઓની વ્યવસ્થા ઉપલબ્ધ રહેશે.

# મોરબીમાં રવાપર રોડ પર અદ્યતન મોડર્ન લાઈબ્રેરી બનશે

**ત્રણ માળની એ.સી. સુવિધાસભર લાઈબ્રેરી, વિદ્યાર્થીઓ અને સ્પર્ધાત્મક પરીક્ષાર્થીઓ માટે બનશે ઉપયોગી કેન્દ્ર**

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકા દ્વારા રવાપર રોડ પર નરસંગ ટેકરી પાસે આધુનિક સુવિધાઓથી સજ્જ નવી લાઈબ્રેરી બનાવવાની યોજના હાથ ધરાઈ છે. જે માટેની ટેન્ડર પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે અને ટૂંક સમયમાં કામ શરૂ થશે.

મોરબી શહેરમાં વાંચન સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા માટે મહાનગરપાલિકા દ્વારા રવાપર રોડ ખાતે મોડર્ન લાઈબ્રેરી નિર્માણ કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. નરસંગ ટેકરી નજીક બનનારી આ લાઈબ્રેરી ત્રણ માળની વિશાળ ઇમારતરૂપે બનાવવામાં આવશે. હાલમાં પ્રોજેક્ટ માટે ટેન્ડર પ્રક્રિયા લાઈવ કરવામાં આવી છે અને પ્રક્રિયા પૂર્ણ થયા બાદ તાત્કાલિક કામ શરૂ કરાશે. લાઈબ્રેરીમાં ફુલ સેન્ટ્રલ એ.સી., આધુનિક ફર્નિચર, અલગ રીડિંગ એરિયા જેવી સુવિધાઓ ઉપલબ્ધ રહેશે. વિદ્યાર્થીઓ અને સ્પર્ધાત્મક પરીક્ષાર્થીઓને ધ્યાનમાં રાખીને વિવિધ વિષયોના પુસ્તકોનો સમાવેશ કરવામાં આવશે. સાથે જ ભૂકંપ પ્રતિકારક આરસીસી સ્ટ્રક્ચર અને ઓપન ટેરેસ લાઈબ્રેરી જેવી વિશેષ સુવિધાઓ પણ ઉપલબ્ધ રહેશે. આ પ્રોજેક્ટથી શહેરના શૈક્ષણિક વિકાસને ગતિ મળશે અને નાગરિકોમાં વાંચનની સંસ્કૃતિ વધુ મજબૂત બનશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે.

# જામનગરની ૧૮૧ મહિલા હેલ્પલાઈન ટીમે મહિલા કંડક્ટર સાથે અભદ્ર વર્તન કરનાર વૃદ્ધને કાયદાનું ભાન કરાવ્યું

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરમાં મહિલાઓની સુરક્ષા અને સહાય માટે કાર્યરત ૧૮૧ મહિલા હેલ્પલાઈનની ટીમે આજે એક મહિલા કંડક્ટરની વહારે આવી માનવીય અભિગમ સાથે કાયદાકીય સમજ પૂરી પાડી હતી. આ બનાવની વિગતો મુજબ, બસમાં ફરજ બજાવતા મહિલા કંડક્ટર જ્યારે મુસાફરોની ટિકિટ કાપી રહ્યા હતા ત્યારે એક ૬૦ વર્ષીય વૃદ્ધ મુસાફર સાથે ટિકિટના પેમેન્ટ બાબતે બોલાચાલી થઈ હતી. વૃદ્ધે રાજકોટની ટિકિટ લીધા બાદ ઓનલાઈન પેમેન્ટ કરવાનું કહેતા મહિલા કંડક્ટરે વિનમ્રતાથી જણાવ્યું હતું કે અંકલ, ટિકિટ કપાઈ ગઈ છે તે પહેલા જણાવવું જોઈતું હતું. આ સાંભળતા જ વૃદ્ધ ઉશ્કેરાઈ ગયા હતા અને ભરી બસમાં અન્ય મુસાફરોની હાજરીમાં મહિલા કંડક્ટર સાથે અપશબ્દો બોલી ઝઘડો કરવા લાગ્યા હતા.મામલો એટલો બિચક્યો હતો કે વૃદ્ધે મહિલા પર હાથ ઉગામ્યો હતો અને રાજકોટ પહોંચ્યા બાદ જોઈ લેવાની ધમકી આપી હતી.

અત્યંત ભયભીત થયેલી પીડિત મહિલાએ તુરંત ૧૮૧ હેલ્પલાઈન પર કોલ કરી મદદ માંગતા કાઉન્સેલર ઈશિતા પરમાર, કોન્સ્ટેબલ ગીતાબેન ધારવિયા અને પાયલોટ રામજીભાઈ સિયારની ટીમ તત્કાલ ઘટનાસ્થળે પહોંચી હતી.અભયમની ટીમે સૌપ્રથમ પીડિતાને શાંત પાડી આશ્વાસન આપ્યું હતું અને ત્યારબાદ ઉદ્ધત વર્તન કરનાર વૃદ્ધ પુરુષને કાયદાકીય જોગવાઈઓ તેમજ સ્ત્રીની ગરિમા જાળવવા બાબતે ગંભીરતાથી સમજ આપ્યા હતા. ૧૮૧ની ટીમ દ્વારા આપવામાં આવેલી કાયદાકીય સમજ અને સલાહ-સૂચનો બાદ વૃદ્ધને પોતાની ભૂલ સમજાઈ હતી અને તેમણે જાહેરમાં પીડિતાની માફી માંગી હતી તેમજ ભવિષ્યમાં કોઈ પણ મહિલા સાથે આવો વ્યવહાર નહીં કરવાની બાહેધરી આપી હતી.પીડિત મહિલાએ પણ ઉદારતા દાખવી વૃદ્ધને માફ કર્યા હતા અને મુશ્કેલ સમયે ત્વરિત મદદ કરવા બદલ ૧૮૧ મહિલા હેલ્પલાઈનનો આભાર માન્યો હતો, આમ આ સમગ્ર મામલે સ્થળ પર જ સુખદ સમાધાન આવ્યું હતું.

# મોરબીમાં ફૂડ શાખાની કડક કાર્યવાહીઃ ૫૧ પેઢીઓમાં તપાસ, અખાદ્ય પદાર્થોનો નાશ



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગર પાલિકાની ફૂડ શાખાએ શહેરના વિવિધ વિસ્તારોમાં ૫૧ પેઢીઓની તપાસ કરી લાઇસન્સ, સ્વચ્છતા અને ખોરાકની ગુણવત્તા અંગે ચકાસણી હાથ ધરી હતી. દરમિયાન કેટલીક પેઢીઓમાંથી વાસી ખોરાક અને અખાદ્ય કલરનો નાશ કરવામાં આવ્યો હતો.

મોરબી મહાનગર પાલિકાની ફૂડ શાખા દ્વારા શહેરમાં ખાદ્ય સુરક્ષા અંગે વિશેષ ડ્રાઇવ હાથ ધરવામાં આવી હતી. ફૂડ સેફટી ઇન્સ્પેક્ટર હિમાનીબેન ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ વાવડી રોડ, પંચાસર રોડ અને સામાકાંઠા વિસ્તારોમાં કુલ ૫૧ પેઢીઓની તપાસ કરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન લાઇસન્સ, સ્વચ્છતા, અખાદ્ય કલરનો ઉપયોગ તેમજ વાસી ખોરાક અંગે વેપારીઓને સૂચનાઓ અને નોટિસો પાઠવવામાં આવી હતી. વાવડી રોડ સ્થિત મસાલા માર્કેટમાંથી મરચું, હળદર અને જીરાં સહિત આશરે ૧૦ નમૂનાઓ લેવામાં આવ્યા હતા અને સ્થળ પર જ રેપિડ ટેસ્ટ કરવામાં આવ્યો હતો.

ડ્રાઇવ દરમિયાન પટેલ રાજા પાવભાજીમાંથી વાસી નુડલ્સ અને ગ્રેવી, વિશ્વા સ્વીટ એન્ડ નમકીનમાંથી અખાદ્ય ફૂડ કલર, ૐ સાઈ સ્વીટ ફાર્મમાંથી જથ્થાબંધ ફૂડ કલર અને ખરાબ થયેલ રબડી જેવા અખાદ્ય પદાર્થોનો નાશ કરવામાં આવ્યો હતો. આ સાથે મહાનગર પાલિકાની ટીમ દ્વારા ખાદ્ય પદાર્થોની ગુણવત્તા જાળવવા માટે આવી કાર્યવાહી આગળ પણ ચાલુ રાખવાની સૂચના આપવામાં આવી છે.

# મોરબી મહાનગરપાલિકા દ્વારા શહેરના વિકાસને નવી ગતિ આપતા મહત્વના પ્રોજેક્ટ્સ જાહેર



**માધાપરમાં આધુનિક શાક માર્કેટ અને ત્રિકોણ બાગમાં નવા કોમર્શિયલ કોમ્પ્લેક્સનું આયોજન**

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીને મહાનગરપાલિકાનો દરજ્જો મળ્યા બાદ શહેરના વિકાસને ગતિ આપવા માટે તંત્ર સક્રિય બન્યું છે. માધાપર ખાતે આધુનિક શાક માર્કેટ બનાવવાનો પ્રોજેક્ટ ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરી શરૂ થવા તૈયાર છે, જ્યારે ત્રિકોણ બાગ વિસ્તારમાં જૂની મ્યુનિસિપલ દુકાનોના રી-ડેવલપમેન્ટ માટે દુકાનદારો સાથે ચર્ચા હાથ ધરાઈ છે. આ બંને પ્રોજેક્ટથી ટ્રાફિક સમસ્યામાં રાહત થશે અને વેપારીઓને વધુ સુવિધા અને શહેરના સૌંદર્યમાં વધારો થશે તેવી અપેક્ષા સાથે શહેરી વિકાસ કરવામાં આવશે.

મોરબી મહાનગરપાલિકા દ્વારા શહેરમાં આયોજનબદ્ધ વિકાસ માટે મહત્વપૂર્ણ પગલાં લેવામાં આવી રહ્યા છે. રાજ્ય સરકાર તરફથી મહાનગરપાલિકાનો દરજ્જો મળ્યા બાદ તંત્ર વિવિધ વિકાસલક્ષી પ્રોજેક્ટ્સને આગળ ધપાવી રહ્યું છે. જેમાં માધાપર વિસ્તારમાં આધુનિક સુવિધાઓથી સજ્જ નવું શાક માર્કેટ બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટ માટે ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે અને સંબંધિત એજન્સીને એલઓઆઈ સુપરત કરવામાં આવી છે. ટૂંક સમયમાં જ કામ શરૂ થવાની શક્યતા છે, જેના કારણે ફૂટપાથ અથવા રસ્તા પર વેપાર કરતા વિક્રેતાઓને વ્યવસ્થિત જગ્યા મળશે અને ટ્રાફિક ગીચતા ઘટશે. આ ઉપરાંત, ત્રિકોણ બાગ વિસ્તારમાં આવેલી જૂની અને જર્જરિત મ્યુનિસિપલ દુકાનોના રી-ડેવલપમેન્ટ માટે પણ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. મહાપાલિકા દ્વારા દુકાનદારો સાથે બેઠક યોજીને નવા પ્લાન અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ પ્રોજેક્ટ હેઠળ આધુનિક કોમર્શિયલ કોમ્પ્લેક્સ બનાવવાનું આયોજન છે, જેનાથી શહેરના વેપાર અને દેખાવ બંનેમાં સુધારો થશે. આ વિકાસ કાર્યો દ્વારા મોરબીમાં સુવિધાસભર અને આધુનિક શહેરી માળખું ઉભું કરવાની દિશામાં મહત્વપૂર્ણ પ્રગતિ થવાની આશા વ્યક્ત કરવામાં આવી છે.

# કેન્સરને હરાવી પરત ફરેલા કાંતિભાઈ અમૃતિયાનું મોરબીમાં ભવ્ય સ્વાગત

**જનતામાં ઉમંગનો માહોલ : ભવ્ય સન્માન રેલી યોજાઇ : ગુંડા તત્વો અને વ્યાજખોરોને કડક ચેતવણી**



**મુખ્ય સમાચાર, મોરબી**

કેન્સરની સારવાર બાદ મોરબી પરત ફરેલા રાજયકક્ષાના મંત્રી અને મોરબી-માળીયા ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયાના સન્માનમાં શહેરમાં ભવ્ય આશીર્વાદ રેલી યોજાઈ હતી. ત્યારે આ રેલીનું વિવિધ વિસ્તારોમાં લોકો દ્વારા ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ બાપાસીતારામ ચોક ખાતે વિશાળ જનસભામાં તેમણે વિકાસ કાર્યો અંગે માહિતી આપી તેમજ ગુંડાગીરી સામે કડક વલણ અપનાવવાની ચેતવણી આપી હતી.

મોરબી શહેરમાં કેન્સરની સારવાર બાદ સ્વસ્થ થઈ પરત ફરેલા રાજયમંત્રી કાંતિભાઈ અમૃતિયાના સન્માનમાં એક ભવ્ય રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. રેલીની શરૂઆત ઉમા ટાઉનશીપ ખાતે આવેલ ઉમિયા માતાજીના મંદિરે મહાઆરતી સાથે કરવામાં આવી હતી. ત્યારબાદ રેલી દરબારગઢથી પ્રસ્થાન કરી ગ્રીન ચોક, નહેરુ ગેટ અને રવાપર રોડ માર્ગે બાપા સીતારામ ચોક સુધી પહોંચી હતી, જ્યાં વિશાળ જનસભા યોજાઈ હતી. રસ્તામાં ઠેર-ઠેર વિવિધ સંસ્થા અને હકડેઠઠ જનમેદની દ્વારા કાંતિભાઈનું ફૂલહારોથી સ્વાગત કરવામાં આવ્યું હતું, જ્યારે સંસ્કૃત વિદ્યાલયના વિદ્યાર્થીઓએ મંત્રોચ્ચાર કરીને ધાર્મિક માહોલ સર્જ્યો હતો. આ કાર્યક્રમમાં પાટીદાર સમાજના અગ્રણીઓ, સિરામિક એસોસિએશનના પ્રમુખો અને પૂર્વ પ્રમુખો, જીલ્લા ભાજપ મહામંત્રી તપન દવે, શહેર ભાજપના આગેવાનો અને મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

સભામાં સંબોધન કરતા કાંતિભાઈ અમૃતિયાએ જણાવ્યું હતું કે છેલ્લા બે મહિનાથી તેઓ મોરબી આવી શક્યા ન હોવાથી તેમને ખેદ હતો, પરંતુ આજે લોકોનો પ્રેમ જોઈ તેમની ઉર્જા દસગણી વધી ગઈ છે. તેમણે જણાવ્યું હતું કે રાજ્ય સરકારે મોરબીને કોર્પોરેશનનો દરજ્જો આપ્યો છે અને બજેટ ૭૦૦ કરોડથી વધારીને ૧૧૫૦ કરોડ કરવામાં આવ્યું છે, જેમાંથી લગભગ અડધા વિકાસ કાર્યો શરૂ થઈ ગયા છે. આગામી ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને તેમણે ભાજપના ઉમેદવારોને જીતાડવા અપીલ કરી હતી, જેથી વિકાસના કાર્યોમાં કોઈ અડચણ ન આવે. સાથે જ તેમણે ગુંડા તત્વોને ચેતવણી આપતા જણાવ્યું હતું કે રાત્રિના સમયે વાહનોના કાચ તોડવા, વેપારીઓ પર હુમલા જેવી ઘટનાઓ સહન કરવામાં આવશે નહીં. તેમણે કહ્યું કે પોલીસ પોતાની કામગીરી કરશે, પરંતુ હવે તેઓ પોતે પણ અઠવાડિયામાં એકવાર રાઉન્ડ લઈને ગેરરીતિ સામે કડક પગલાં લેશે.

તેમણે વધુમાં જણાવ્યું કે લોકોના પ્રશ્નોના નિરાકરણ માટે પોલીસ સાથે સંકલન કરીને લોકદરબાર યોજવામાં આવી રહ્યા છે અને સોશિયલ મીડિયા પર આવતાં કોઈપણ ગુનાહિત વિડિઓ સીધા તેમને મોકલવા અપીલ કરી. કેન્સર જેવી ગંભીર બીમારી સામે પોતાની લડતનો અનુભવ શેર કરતા કાંતિભાઈએ જણાવ્યું કે શરૂઆતમાં નાની ગાંઠ બાદમાં મોટી બની ગઈ હતી અને તેમનું સાત કલાક લાંબું ઓપરેશન કરવામાં આવ્યું હતું. તેમણે દર્દીઓને સંદેશ આપ્યો કે મજબૂત મનોબળ અને જુસ્સાથી કોઈપણ બીમારીને હરાવી શકાય છે.

આ પ્રસંગે ધારાસભ્ય જીતુભાઈ સોમાણીએ કાંતિભાઈની વાપસીને ભગવાન રામના વનવાસ બાદ અયોધ્યા પરત ફરવાના પ્રસંગ સાથે સરખાવી હતી. તેમણે ગુંડાઓ અને વ્યાજખોરોને કડક શબ્દોમાં ચેતવણી આપતા જણાવ્યું હતું કે ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે બુલડોઝર કાર્યવાહી કરવામાં આવશે. આ તકે ઉદ્યોગપતિ નિલેશ જેતપરીયાએ પણ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે કાંતિભાઈની વાપસી મોરબી માટે નવા ઉત્સાહનું પ્રતિક છે. છેલ્લા ઘણા વર્ષોથી ઉદ્યોગોના પ્રશ્નોમાં તેમણે મક્કમ નેતૃત્વ આપ્યું છે અને હવે તેમના પરત આવવાથી અસામાજિક તત્વો માટે ખરાબ દિવસોની શરૂઆત થઈ ગઈ છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે કાંતિભાઈના નેતૃત્વમાં મોરબીમાં શાંતિ અને વિકાસને વધુ વેગ મળશે.

# મોરબીમાં એક લાખના ૪.૮૮ લાખ ચૂકવ્યા છતાં પઠાણી ઉઘરાણી, વ્યાજખોર સામે ફરિયાદ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં એક વેપારીએ ધંધા માટે લીધેલા ઉંચા વ્યાજે રૂ.૧ લાખના બદલે વ્યાજ અને પેનલ્ટી સહિત કુલ રૂ.૪.૮૮ લાખ ચૂકવ્યા હોવા છતાં વ્યાજખોર દ્વારા વેપારી અને તેના પુત્રને વધુ રકમની પઠાણી ઉઘરાણી અને જાનથી મારી નાખવાની ધમકીઓ આપવામાં આવતાં ફરિયાદ નોંધાઈ છે. આ ઉપરાંત વ્યાજખોરે બળજબરીથી નોટરી લખાણ અને કોરા ચેક પણ કઢાવી લીધા હોવાનું ફરિયાદમાં ઉલ્લેખ કરાયો છે. પોલીસે આ મામલે નાણા ધીરધાર અધિનિયમ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મળતી વિગતો મુજબ, દલવાડી સર્કલ નજીક શિવમ અપાર્ટમેન્ટ ૩૦૩માં રહેતા મૂળ ખાનપર(ઘુ)ના વતની ભરતભાઈ પ્રભુભાઈ ઘોડાસરા ઉવ.૪૮એ આરોપી પ્રકાશભાઈ મેપાભાઈ પીઠમલ રહે. દલવાડી સર્કલથી આગળ મોરબી વાળા વિરુદ્ધ પોલીસમાં નોંધાવેલી ફરિયાદ મુજબ, વર્ષ ૨૦૨૨માં ધંધા માટેની જરૂરિયાતે ફરિયાદીએ આરોપી પાસેથી ૮ ટકા વ્યાજે ૧ લાખ રૂપિયા લીધા હતા. આ સાથે આરોપીએ બળજબરીપૂર્વક રૂ.૩ લાખનું નોટરી લખાણ કરાવ્યું હતું તેમજ આઈ.ડી.બી.આઈ. બેંકના ત્રણ કોરા ચેક પણ કઢાવી લીધા હતા. ત્યારબાદ ત્રણ વર્ષ દરમિયાન ફરિયાદીએ નિયમિત વ્યાજ ચૂકવી કુલ રૂ.૨.૮૮ લાખ ચુકવ્યા હતા અને પછી પેનલ્ટી સહિત વધુ રૂ.૨ લાખ ચૂકવી કુલ રૂ.૪.૮૮ લાખ આપી દીધા હતા. તેમ છતાં આરોપી દ્વારા વધુ પૈસાની માંગણી ચાલુ રાખવામાં આવી હતી. આરોપીએ ફરિયાદીના પુત્રને ફોન કરીને ગાળો આપી માર મારવાની ધમકી આપી હતી તેમજ ફરિયાદીને પણ જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી. હાલ સમગ્ર મામલે પોલીસે આરોપી સામે આઈપીસીની કલમ તેમજ ગુજરાત નાણા ધીરધાર અધિનિયમ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ટંકારા કારખાનાના લેબર ક્વાર્ટરમાં શ્રમિકનું મોત, રાત્રે સુતેલ જે સવારે ઉઠ્યો જ નહીં

**મુખ્ય સમાચાર, મોરબી**

ટંકારા તાલુકાના હડમતીયા રોડ પર આવેલ કારખાનાના લેબર ક્વાર્ટરમાં રહેતા શ્રમિકનું શંકાસ્પદ રીતે મૃત્યુ થયાની ઘટના સામે આવી છે. શ્રમિક રાત્રે સુવા ગયા બાદ સવારે ઉઠ્યા નહોતાં, જેથી તેમને હોસ્પિટલ ખસેડતાં ડોક્ટરે મૃત જાહેર કર્યા હતા. ઘટનાને લઈ પોલીસે અ.મોતની નોંધ કરી, મૃત્યુ અંગે ચોક્કસ કારણ જાણવા પીએમ સહિતની તબીબી કાર્યવાહી શરૂ કરી છે.

ટંકારા તાલુકાના હડમતીયા રોડ ઉપર આવેલ અક્ષર પોલીપેક કારખાનાના લેબર ક્વાર્ટરમાં રહેતા મૂળ રાજસ્થાનના ચેનારામ રાજુરામ પોસવાલ ઉવ.૪૩ ગઈકાલ તા.૨૬/૦૩ના રોજ રાત્રે સુવા ગયા હતા. જે બાદ બીજે દિવસે સવારે સાથી કામદારો દ્વારા ઉઠાડવા જતા તેઓ ઉઠ્યા નહોતાં. જેથી તાત્કાલિક તેમને ટંકારા સરકારી હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા, જ્યાં ડોક્ટરે તેમને મૃત જાહેર કર્યા હતા. હાલ ટંકારા પોલીસે અ.મોત રજીસ્ટર કરી આગળની ઘટિત કાર્યવાહી હાથ ધરી છે.

# ઈવનિંગ પોસ્ટના સીનીયર સીટીઝન માટે સંગીત સંધ્યાનો કાર્યક્રમ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સરગમ ક્લબ સંચાલિત સીનીયર સીટીઝન પાર્ક ઈવનિંગ પોસ્ટ માં તા. ૩૦/૩/૨૬ ને સોમવાર નાં રોજ ૫:૩૦ કલાકે ''આર. ટી. મ્યૂઝિકલ ગ્રુપ'' દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તથા તા. ૩૧/૩/૨૬ ને મંગળવાર નાં રોજ ૫:૩૦ કલાકે ''ચંદન મ્યૂઝિકલ ગ્રુપ'' દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તથા તા. ૧/૪/૨૬ ને બુધવાર નાં રોજ ૫:૩૦ કલાકે ''મેલોડી માસ્ટર મ્યૂઝિકલ ગ્રુપ'' દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તથા તા. ૨/૪/૨૬ ને ગુરુવાર નાં રોજ ૫:૩૦ કલાકે ''શિવ. શે. શૂર ગ્રુપ'' દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તથા તા. ૩/૪/૨૬ ને શુક્રવાર નાં રોજ ૫:૩૦ કલાકે ''જનકાર કરાઓકે ગ્રુપ'' દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તથા તા. ૪/૪/૨૬ ને શનિવાર નાં રોજ ૫:૩૦ કલાકે ''શ્રુતિ વંદના ગ્રુપ'' દ્વારા એક સંગીત

સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તથા તા. ૫/૪/૨૬ ને રવિવાર નાં રોજ ૫:૩૦ કલાકે ''ઓમકાર મ્યૂઝિકલ ગ્રુપ'' દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તો તમામ સરગમ કલબના ઈવનિંગ પોસ્ટના સભ્યોએ આઈકાર્ડ ઉપર પ્રવેશ મળશે. આઈકાર્ડ સાથે લઈને આવવું ફરજીયાત છે. તેના વગર પ્રવેશ નહિ મળે. તમામ મેમ્બરે સમયસર હાજરી આપવી. કાર્યક્રમ ને સફળ બનાવવા માટે સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તેમજ ઈવનિંગ પોસ્ટનાં ઇન્ચાર્જ મનસુખભાઈ મકવાણા, સહ ઇન્ચાર્જ જયપાલસિંહ ઝાલા, હરનેશભાઈ સોંલકી, રમેશભાઈ એમ. વિસવાડિયા, ચંદ્રેશભાઈ ચૌહાણ, ઈતુભાઈ સવાણી, સુમનબેન બારિયા, સલીમભાઈ જે. ચાનીયા, મનીષભાઈ વ્યાસ તેમજ જગદીશભાઈ રાણપરા વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.

# પૂ.જીજ્ઞેશદાદાના વ્યાસાસને રાજકોટના રેસકોર્ષ ખાતે શ્રીમદ ભાગવત મોક્ષગાથાનો પ્રારંભ

### ભાગવતકથાની ઐતિહાસિક પોથીયાત્રાઃ પ્રથમ દિવસે જ ભાવિકો ભાવવિભોર : જાગનાથ મહાદેવ મંદિરેથી રેસકોર્ષ ગ્રાઉન્ડ સુધી રાસ-ગરબાની રમઝટ સાથે હજ્જારો ભાવિકો ઉત્સાહપૂર્વક પહોંચ્યા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના રેસકોર્ષ ગ્રાઉન્ડ ખાતે યોજાયેલ સુપ્રસિધ્ધ ભાગવતાચાર્ય પૂ.જીજ્ઞેશદાદાના વ્યાસાસને યોજાયેલ પવિત્ર ભાગવતકથાના પ્રથમ દિવસે પોથીયાત્રામાં રીતસર જનસૈલાબ ઉમટી પડયો હતો. પવિત્ર આસ્થા સાથે પુષ્કળ ભાવિકો ગાડીઓના કાફલા સાથે ઘોડાગાડી, બગીમાં અને ચાલતા-ચાલતા ઉત્સાહભેર જોડાયા હતા. પૂ.જીજ્ઞેશદાદા, પૂ.અપુર્વમુનિ સ્વામી, રાધારમણ સ્વામી, વિવેકીસાગર સ્વામી, હિરેનભાઇ શાસ્ત્રી, મુખ્ય મનોરથીઓ રાજુભાઇ પોબારૂ, મનિષભાઇ માદેકા, હિરેનભાઇ ખખ્ખર, સુધીરભાઇ દુબલ અને તેના પરિવારજનો, કિરણબેન નિમિષભાઇ ગણાત્રા, નિકિતાબેન નરેન્દ્રભાઇ નથવાણી, આરસીસી બેન્કના સીઇઓ અને કાયદેઆઝમ ડો.પુરૂષોતમભાઇ પીપરીયા, સમાજશ્રેષ્ઠી ડો.નિશાંતભાઇ ચોટાઇ, છબીલભાઇ પોબારૂ, સંદીપભાઇ છોટાળા, ગુણવંતભાઇ ડેલાવાળા, સિધ્ધાર્થભાઇ ભટ્ટ સહિતના મહાનુભાવોએ પવિત્ર ભાવ સાથે શ્રીમદ ભાગવત મોક્ષગાથામાં જોડાઇને પુણ્યનું ભાથુ બાંધ્યુ હતું જે દ્રશ્યમાન થાય છે.

સર્વજ્ઞાતિ પિતૃઓના મોક્ષાર્થે અને તથાસ્તુ વિદ્યાપીઠના લાભાર્થે રાજકોટના રેસકોર્ષ મેદાન ખાતે વિશ્વ વિખ્યાત લોકપ્રિય ભાગવત ચાર્ય પૂ. જીજ્ઞેશદાદાના વ્યાસાસને તા. ૨ એપ્રિલ, ૨૦૨૬ ગુરૂવાર સુધી રાત્રે ૮ વાગ્યાથી ૧૧ વાગ્યા દરમ્યાન શ્રીમદ્ ભાગવત મોક્ષગાથાનું ભવ્ય -દિવ્ય- અલૌકીક આયોજન કરવામાં આવ્યું છે. જેમાં પ્રથમ દિવસેજ હજ્જારો ભાવિકો ભાવવિભોર બની ગયા હતા. પવિત્ર ભાગવત સપ્તાહની ઐતિહાસિક પોથીયાત્રા, જાગનાથ મહાદેવ, મંદિર, ડો. યાજ્ઞિક રોડ, રાજકોટ ખાતેથી નિકળી હતી. જેમાં રીતસર જનસેલાબ ઉમટી પડયો હતો. ચિક્કાર મેદની વચ્ચે હૈયૈહૈયુ દળાઇ રહયું હતું. જાગનાથ મહાદેવ મંદિરથી કથાસ્થળ રેસકોર્ષ ગ્રાઉન્ડ સુધી ભારે ઉત્સાહ સાથે હજ્જારો ભાવિકોએ રાસ-ગરબાની રમઝટ બોલાવી દીધી હતી. રાધે રાધેનો નાદ સતત ગુંજતો રહયો હતો. અદ્યતન સાઉન્ડ સિસ્ટમ સાથેના ડીજે, બેન્ડ-બાજા અને ઢોલનગારા સાથે અવનાવા પહેરવેશમાં સજ્જ પોથીજીના યજમાનો અને તેમના મહેમાનો, સભ્યો મહાનુભાવો પવિત્રતાના ભાવ સાથે ઉત્સાહપૂર્વક પોથીયાત્રામાં જોડાયા હતા.

# ૩૧ માર્ચની હાપા- - શ્રી માતા વૈષ્ણોદેવી કટરા એક્સપ્રેસ શહીદ કેપ્ટન તુષાર મહાજન સ્ટેશન સુધી જશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ઉત્તર રેલવેના જમ્મુ તવી ડિવિઝનના જમ્મુ તવી-શ્રી માતા વૈષ્ણોદેવી કટરા સેક્શનમાં ચાલી રહેલા વિદ્યુતિકરણ કાર્ય અને ટ્રાફિક બ્લોકને કારણે, તારીખ ૩૧ માર્ચ, ૨૦૨૬ ના રોજ હાપાથી ઉપડનારી ટ્રેન સંખ્યા ૧૨૪૭૫, હાપા-શ્રી માતા વૈષ્ણોદેવી કટરા એક્સપ્રેસ તેના નિર્ધારિત ગંતવ્ય સ્થાન સુધી ન જતા માત્ર શહીદ કેપ્ટન તુષાર મહાજન સ્ટેશન સુધી જ દોડાવવામાં આવશે.

પરિણામે, આ ટ્રેન શહીદ કેપ્ટન તુષાર મહાજન સ્ટેશન અને શ્રી માતા વૈષ્ણોદેવી કટરા સ્ટેશન વચ્ચે (આશરે ૨૫ કિલોમીટર) આંશિક રીતે રદ રહેશે. આ સમયગાળા દરમિયાન ટ્રેનનું શ્રી માતા વૈષ્ણોદેવી કટરા સ્ટેશન પર સ્ટોપેજ રહેશે નહીં.

રેલવે તંત્ર મુસાફરોને વિનંતી કરે છે કે તેઓ ઉપરોક્ત ફેરફારને ધ્યાનમાં રાખીને તેમની મુસાફરીનું આયોજન કરે. ટ્રેનોના સંચાલન અંગેની નવીનતમ માહિતી માટે મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.inની મુલાકાત લે, જેથી કોઈપણ પ્રકારની અસુવિધાથી બચી શકાય.

# જામનગરના લાલપુર બાયપાસ પાસે એક મોટરમાંથી એલસીબીએ ઈંગ્લીશ દારૂની ૪૦૮ બોટલ પકડી પાડી



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના લાલપુર બાયપાસ પાસે એક સોસાયટીના ગેઈટમાં રાખવામાં આવેલી મોટરમાંથી એલસીબીએ ઈંગ્લીશ દારૂની ૪૦૮ બોટલ પકડી પાડી છે. તે મોટરમાં બનાવવામાં આવેલા ચોરખાનામાંથી દારૂ સાંપડ્યો છે. હરિયાણા તથા ઉત્તરપ્રદેશના બે શખ્સની અટકાયત કરાઈ છે. આ શખ્સો હરિયાણાથી દારૂની ડિલિવરી આપવા આવ્યા હતા. રિસિવરનું નામ એલસીબીને મળ્યું છે. ખીજડિયા બાયપાસ પાસે મોટરમાંથી એલસીબીના દારૂના ૬૩ ચપલા કબજે કર્યા છે અને દરેડમાં એક સોસાયટીમાં મકાનમાંથી ૧૯૦ ચપલા ઝડપાઈ ગયા છે.જામનગર લાલપુર બાયપાસ પાસે આવેલી એક સોસાયટીમાં રોડ પર રાખવામાં આવેલી મોટરમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો હોવાની બાતમી પરથી એલસીબી સ્ટાફ પીઆઈ વી.એમ. લગારીયાની સૂચનાથી બાયપાસ નજીકની ક્રિષ્ના પાર્ક સોસાયટીના ગેઈટની અંદરના રોડ પર દરોડો પાડ્યો હતો.આ સ્થળે રાખવામાં આવેલી જીજે-૫-જેઈ ૫૧૨૧ નંબરની એક્સયુવી મોટરની તલાશી લેવાતા તેમાં બનાવવામાં આવેલા ચોરખાનામાંથી ભારતીય બનાવટના અંગ્રેજી શરાબની ૪૦૮ બોટલ મળી આવી હતી. આ જથ્થા સાથે મૂળ હરિયાણા રાજ્યના ગુડગાંવ જિલ્લાના સોહના તાલુકાના વતની કપિલ કિશનપાલ શાકલા તથા મૂળ ઉત્તરપ્રદેશના અમેઠી જિલ્લાના મુનસીગંજ ગામના ક્રિપાશંકર ઓમકારનાથ શર્મા નામના બે શખ્સની અટકાયત કરી લેવાઈ છે. એલસીબીએ દારૂ, ત્રણ મોબાઈલ, રૂ.૪ લાખની મોટર મળી કુલ રૂ.૮૦૬૧૨૦નો મુદ્દામાલ ઝબ્બે લીધો છે. આ શખ્સની પૂછપરછ કરાતા આ શખ્સોએ હરિયાણાના ગુડગાંવમાંથી દારૂનો જથ્થો ખરીદ્યા પછી જામનગરના કિસાન ચોકમાં રહેતા વિશાલ પ્રવીણભાઈ માવને તેની ડિલિવરી આપવા આવ્યા હોવાનું કબૂલ્યું છે. વિશાલ માવની શોધ હાથ ધરાઈ છે.

# લૂંટ, હત્યા જેવા ગુન્હાના વોન્ટેડ આરોપીઓની માહિતી આપનારને ઈનામ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર રાજકોટ રેન્જના આઈજી તરીકે નિર્લિપ્તરાયએ ચાર્જ સંભાળ્યા પછી લૂંટ, હત્યા, હત્યા પ્રયાસ, હથિયારધારા ભંગ અને એનડીપીએસ જેવા ગુન્હાઓમાં સંડોવાયેલા જામનગર શહેર-જિલ્લાના નવ શખ્સ તેમજ દેવભૂમિ દ્વારકા જિલ્લાના ચાર શખ્સ અંગે માહિતી આપનાર વ્યક્તિઓને રોકડ ઈનામની જાહેરાત કરવા ઉપરાંત માહિતી આપનારના નામ ગુપ્ત રાખવાની બાહેંધરી આપી છે.જામનગર ઉપરાંત દેવભૂમિ દ્વારકા જિલ્લા અને રાજકોટ, મોરબી તથા સુરેન્દ્રનગર જિલ્લાના રેન્જ આઈજી તરીકે આ અધિકારીએ ચાર્જ સંભાળ્યા પછી કુલ ૨૯ વોન્ટેડની બાતમી આપવા માટે ઈનામની જાહેરાત કરી છે.જામનગરમાં રાજપાર્ક વિસ્તારમાં વર્ષ ૨૦૨૪માં એક બાળકીની થયેલી હત્યાના આરોપી લાલજી કૈલાસ પંડયા ઉપરાંત હત્યાના એક આરોપી આસુતોષ પન્નાલાલ ચતુર્વેદી, આસુતોષ શિવધરન ત્રિપાઠી ઉપરાંત મહેન્દ્ર કૃષ્ણબલદેવ તિવારી અને ગ્રામ્ય પંથકમાં દુષ્કર્મના એક ગુન્હામાં સંડોવાયેલા કૈલાસ રામસિંગ અજનાર, લૂંટમાં ગુન્હામાં સંડોવાયેલા વસના ભૂરા સરૂપા તથા બાલુ માનસિંગ બિલવાવ નામના આરોપીઓ માટે ઈનામ જાહેર કરવામાં આવ્યા છે. જ્યારે ભાણવડના બે ગુન્હાના આરોપી અર્જુનસિંગ મોહંતી પંડિત,કમલેશ નીનાવા,મીઠાપુરના.એનડીપીએસના આરોપી ભાવેશ વિઠ્ઠલદાસ દુધાત્રા, ખંભાળિયાના ગુન્હાના આરોપી લખવીન્દરસિંહ સ્વરૂપસિંગ જાટ સામે પણ ઈનામની જાહેરાત કરાઈ છે.

# જામનગરના બચુનગર વિસ્તારમાં જમાત ખાનાનું ગેરકાયદે બાંધકામ તોડી પડાયું

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર મહાનગરપાલિકા દ્વારા બચુનગરમાં ઓપરેશન ડિમોલીશનની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ પછી અન્ય એક દબાણ પણ દૂર કરવામાં આવનાર છે. જામનગરમાં બચુનગર વિસ્તારમાં પણ સમય પહેલા અનેક દબાણો દૂર કરવામાં આવતા હતાં. ત્યાં એક જમાતખાનાનું પણ ગેરકયાદે બાંધકામ કરાયું હોવાનું જે તે સમયે ધ્યાનમાં આવતું હતું, પરંતુ તે સમયે બાકી રહેલ પાડતોડ કામગીરી હાથ ધરવામાં આવી હતી અને આશરે ૧૨,૦૦૦ ચોરસ ફૂટ જગ્યામાં ખડકાયેલ જમાત ખાનાનું બાંધકામ તોડી પાડવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. આ માટે એક હીટાચી, બે જેસીબી, ત્રણ ટ્રેક્ટર સહિતની



મશીનરી કામે લગાડવામાં આવી છે, અને એસ્ટેટ શાખાનો સ્ટાફ પાડતોડ કામગીરીમાં જોડાયો છે. આ સમયે પોલીસ બંદોબસ્ત પણ ગોઠવાયો હતો. મ્યુનિ. કમિશનર ડી.એન. મોદી, એસ્ટેટ વિભાગના કંટ્રોલીંગ અધિકારી મુકેશ વરણવા તથા એસ્ટેટ વિભાગના અનવર ગજણ સહિતના દ્વારા આ કામગીરી ચાલી રહી છે. અહિં પાડતોડ કામગીરી પૂર્ણ થયા પછી અન્ય એક નવનાલા વિસ્તારનું દબાણ પણ દૂર કરવામાં આવનાર છે.

# વાંકાનેરમાં બાળકોની સાયકલ લઈ લેવા મામલે થયેલ બબાલ : ૫ મહિલા સહિત છ સામે વળતી ફરિયાદ

**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેરના દરબારગઢ રોડ નજીક હવેલી શેરી વિસ્તારમાં ધુળેટીના દિવસે બાળકોની સાયકલ લઈ લેવા બાબતે થયેલી બબાલ મામલે મહિલાએ પાંચ મહિલાઓ સહિત છ સામે વાંકાનેર સીટી પોલીસ મથકમાં વળતી ફરિયાદ નોંધાવી છે. બાળકોની સાયકલ બાબતે શરૂ થયેલા વિવાદમાં તમામ આરોપીઓએ ગાળો આપી લાકડી અને ઢીકાપાટુ વડે હુમલો કરી મોબાઇલ તોડી નાખ્યો હતો. ઉલ્લેખનીય છે કે, આ જ ઘટનાને લઈને અગાઉ હાલના ફરિયાદી અને તેમના પતિ વિરુદ્ધ પણ ફરિયાદ નોંધાઈ હતી, જ્યારે હવે વળતી ફરિયાદને આધારે વાંકાનેર પોલીસે તમામ આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

પ્રાપ્ત માહિતી મુજબ, વાંકાનેર સીટી પોલીસ સ્ટેશનમાં જ્યોતીકાબેન બટુકભાઈ મેઘાણી ઉવ.૫૨ રહે.શ્રીજી કૃપા હવેલી શેરીના નાકે દરબારગઢ રોડ વાંકાનેર વાળા દ્વારા આરોપી (૧)ભાવનાબેન ભાવીનભાઇ કાગડા, (૨)શિતલબેન મીલનભાઇ કાગડા, (૩)નિરાલીબેન કાગડા, (૪)સાવનબેન પ્રદીપભાઇ વાગડીયા, (૫)ખુશ્બુબેન કાનાભાઇ વાળંદ, (૬)પ્રદીપભાઇ વાગડીયા તમામ રહે.હવેલી શેરીના નાકે દરબારગઢ રોડ વાંકાનેર વાળા વિરુદ્ધ નોંધાવવામાં આવેલી ફરિયાદ અનુસાર તા.૦૪ માર્ચના રોજ ધુળેટીના દિવસે હવેલી શેરી વિસ્તારમાં બાળકો રમતા હતા ત્યારે સાયકલ લઈ લેવા બાબતે ફરીયાદી ત્યા શેરીમા નીકળતા તમામ આરોપીઓએ ફરીયાદીને ગાળો બોલી તેમજ આરોપીઓ ફરીયાદીના ઘર પાસે વાર ફારતી જઇ ગાળો બોલી ફરીયાદી તથા સાહેદને ઢીકા પાટુનો તથા લાકડી વતી મુંઢમાર માર્યો હતો. આ બનાવમાં ફરિયાદીનો મોબાઇલ તુટી ગયો હતો. ત્યારે ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરતા તમામ આરોપીઓ વિરુદ્ધ વાંકાનેર સીટી પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# હળવદમાં દુકાનદાર પર હુમલો દુકાન પાસે શાકભાજીની હરરાજીની ના પાડતા પાંચ શખ્સો તૂટી પડ્યા

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદની જુની શાકમાર્કેટ વિસ્તારમાં દુકાન પાસે શાકભાજીની હરરાજી કરવાની ના પાડતા વેપારી પર પાંચ શખ્સોએ હુમલો કર્યો હતો. આરોપીઓએ દુકાનમાં ઘુસી લોખંડના પાઈપથી માર મારી વેપારી અને સાહેદને ઈજાગ્રસ્ત કર્યા હતા, જેમાં વેપારીના અંગૂઠાને ગંભીર ઇજા પહોંચી હોવાનું સામે આવ્યું છે. પોલીસે એક નામ જોગ તથા ચાર અજાણ્યા સહિત પાંચ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

હળવદના સરા રોડ ઉપર પ્રમુખસ્વામી નગરમાં રહેતા અનીલભાઈ માણેકભાઈ મેઢા ઉવ.૫૫ નામના વેપારીએ જૂની શાકમાર્કેટમાં પોતાની દુકાન આગળ શાકભાજીની હરરાજી કરવાની ના પાડી હતી. આ બાબતનો ખાર રાખી આરોપી સુનીલ પ્રતાપભાઈ રબારી રહે. જૂની મામલતદાર કચેરી સામે હળવદ વાળા તથા અન્ય ચાર શખ્સોએ બપોરે દુકાનમાં ઘુસી હુમલો કર્યો હતો. આરોપીઓએ વેપારી અનિલભાઈને ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી તેમજ લોખંડના પાઈપ વડે હુમલો કરતાં વેપારી અને તેની સાથે દુકાનમાં હાજર પુનીતને ઈજાઓ પહોંચી હતી. જેમાં વેપારીના હાથના અંગૂઠામાં ગંભીર ઇજા પહોંચી હતી. હાલ હળવદ પોલીસે પાંચેય આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતા તથા જી.પી. એક્ટ હેઠળ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

# માળીયાના મોટા દહીંસરામાં પ્રેમલગ્નના વિવાદમાં યુવક પર છરીથી જીવલેણ હુમલો

### હાલ ઈજાગ્રસ્ત યુવક રાજકોટ હોસ્પિટલમાં સારવાર હેઠળ

**મુખ્ય સમાચાર, મોરબી**

માળીયા(મી) તાલુકાના મોટા દહીંસરા ગામે ભાઈની દીકરીએ પ્રેમલગ્ન કર્યાના જુના વિવાદના મનદુ:ખને લઈને યુવકને છરી વડે આડેધડ ઘા ઝીકી જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. ઈજાગ્રસ્ત યુવકને તાત્કાલિક રાજકોટ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યાં ફેફસા તથા હાથમાં ગંભીર ઇજાઓ પહોંચી હોવાનું સામે આવ્યું છે. હાલ હુમલાખોર નાસી ભાગી ગયો હોય જેથી માળીયા(મી) પોલીસે તેની વિરુદ્ધ ગુનો નોંધી તેને પકડી લેવા ચક્રો ગતિમાન કર્યા છે. માળીયા(મી) પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, તા.૨૬/૦૩ ના રોજ રાત્રે મોટા દહીંસરા ગામની બજારમાં બાપા સીતારામ પાનના ગલ્લા પાસે બનેલ બનાવમાં ફરિયાદી વિનોદભાઈ ઉર્ફે કાળુ રાણાભાઈ બરારીયા ઉવ.૩૨ ઉપર આરોપી કિશોરભાઈ દેવદાનભાઈ લોખીલ રહે.મોટા દહીંસરા વાળાએ છરી વડે હુમલો કર્યો હતો. પ્રાથમિક માહિતી મુજબ ફરિયાદીના ભાઈની દીકરીએ આરોપીના કુટુંબના યુવક સાથે પ્રેમલગ્ન કરેલા હોવાના કારણે બંને પક્ષ વચ્ચે મનદુ:ખ ચાલતું હતું. આ રોષને કારણે આરોપીએ ફરિયાદી પર હુમલો કર્યો હતો. હુમલામાં ફરિયાદીને જમણા હાથની બગલ નીચે, પાંસળી અને ફેફસાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી, તેમજ હાથ અને ગાલ પર ઘા લાગ્યા હતા. હુમલા બાદ આરોપી જાનથી મારી નાખવાની ધમકી આપી ફરાર થઈ ગયો હતો. હુમલામાં ઈજાગ્રસ્તને તાત્કાલિક રાજકોટની સિનેર્જી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો, હાલ યુવકની સારવાર ચાલુ હોય ત્યારે તેની ફરિયાદને આધારે પોલીસ દ્વારા આરોપી સામે ભારતીય ન્યાય સંહિતા તથા જી.પી. એક્ટ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરવામાં આવી છે.

# હળવદના ચંદ્રગઢમાં વિજપોલ તોડી સરકારી કર્મચારીને ધમકીઃ ખેડૂત સામે ફરિયાદ

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદ તાલુકાના ચંદ્રગઢ ગામે એક ખેડૂતે પોતાના ખેતરમાં આવેલ સરકારી વિજપોલ ઈરાદાપૂર્વક પાડી નાખી સરકારી મિલ્કતને નુકસાન પહોંચાડી જે બાદ વીજ વિભાગના કર્મચારીઓ પોલ નાખવા આવતા આરોપીએ તેમને કામ કરવા દીધા વગર જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હતી. આ ઘટનામાં અંદાજે રૂ.૮૩ હજારથી વધુનું નુકસાન થયું હોવાનું સામે આવ્યું છે. પોલીસે ભારતીય ન્યાય સહીતા તેમજ ધ પ્રિવેન્શન ઓફ ડેમેજ ટુ પબ્લિક પ્રોપટી એક્ટની કલમો હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

હળવદ પોલીસ સ્ટેશનમાં હિરેનગીરી હરેશગીરી ગોસ્વામી ઉવ-૪૧ રહે-હળવદ રૂદ્ર ટાઉનશીપ સરા રોડ વાળાએ ફરિયાદ નોંધાવી કે, ચંદ્રગઢ ગામે આરોપી હસમુખભાઈ મુળુભાઈ જાદવે પોતાના ખેતરમાં આવેલ વિજપોલ ઈરાદાપૂર્વક પાડી નાખ્યો હતો. બાદમાં વીજ વિભાગના કર્મચારીઓ પોલ ફરી ઉભો કરવા પહોંચ્યા ત્યારે આરોપીએ તેમને કામ કરવા દીધા નહોતાં. આરોપીએ સરકારી કર્મચારીને ગાળો આપી અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી તેમજ કામમાં અવરોધ ઉભો કર્યો હતો. આ ઘટનાથી સરકારી મિલ્કતને રૂ.૮૩,૯૧૩/- નું નુકસાન થયું હોવાનું સામે આવ્યું છે. હાલ હળવદ પોલીસે આ મામલે ભારતીય ન્યાય સંહિતા તથા પ્રિવેન્શન ઓફ ડેમેજ ટુ પબ્લિક પ્રોપર્ટી એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# હળવદમાં વર્ષ ૨૦૧૭ મારામારીની ઘટનામાં મુખ્ય આરોપીને ૭ વર્ષ, અન્ય ત્રણને ૩ વર્ષની સજા

### મોરબી એડીશનલ સેશન્સ કોર્ટે આપ્યો મહત્વપૂર્ણ ચુકાદો

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદ પોલીસ સ્ટેશનમાં વર્ષ ૨૦૧૭માં નોંધાયેલા મારામારી અને હત્યાના પ્રયાસના કેસમાં મોરબી એડીશનલ સેશન્સ કોર્ટે મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. કોર્ટે ચાર આરોપીઓને દોષિત ઠેરવી મુખ્ય આરોપીને ૭ વર્ષની સખત કેદ અને અન્ય ત્રણ આરોપીઓને ૩ વર્ષની સજા ફટકારી છે. જૂની અદાવતનું ખાર રાખી બનેલા બનાવમાં જીવલેણ હથિયારો વડે હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં એક વ્યક્તિને તલવારના ઘા સાથે ગંભીર ઈજા પહોંચી હતી.



પ્રાપ્ત વિગતો મુજબ ગત તા.૦૬/૦૮/૨૦૧૭ ના રોજ હળવદ વિસ્તારમાં રામદેવ હોટલના ગ્રાઉન્ડમાં આરોપીઓએ ગેરકાયદેસર ટોળકી બનાવી ફરિયાદી પર હુમલો કર્યો હતો. પાઈપ અને ઢીકાપાટુ વડે માર મારવામાં આવ્યો હતો, જ્યારે વચ્ચે પડેલા છગનભાઈ કુકાભાઈને મુખ્ય આરોપી મહીપત ગોહીલે તલવારથી ઘા મારી ગંભીર રીતે ઈજાગ્રસ્ત કર્યા હતા. આ બનાવ અંગે પોલીસ દ્વારા આઈપીસીની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરવામાં આવી હતી. કેસની સુનાવણી મોરબીની એડીશનલ સેશન્સ કોર્ટમાં ચાલી હતી, જેમાં મૌખિક ૧૬ અને ૨૧ દસ્તાવેજી પુરાવા તથા સરકારી વકીલ સંજયભાઈ દવે દ્વારા મજબૂત દલીલો રજૂ કરવામાં આવી હતી.

જે તમામ પુરાવા તથા સરકારી વકીલની દલીલોને આધારે મોરબી એડિશનલ સેસન્સ જજ કમલ આર. પંડ્યા સાહેબ દ્વારા આરોપી મહીપત ગોહીલને હત્યાના પ્રયાસના ગુનામાં ૭ વર્ષની સખત કેદ અને દંડ ફટકાર્યો છે, જ્યારે અન્ય ત્રણ આરોપીઓને વિવિધ કલમો હેઠળ ૩ વર્ષની સજા ફટકારવામાં આવી હતી.

# મોરબી જલારામ ધામ ખાતે રામનવમી નિમિતે ભક્તિભાવપૂર્વક ત્રિવિધ કાર્યક્રમો યોજાયા

### પૂજન-મહાઆરતી સાથે સહયોગીઓનું સન્માન, ભક્તજનો માટે મહાપ્રસાદનું આયોજન કરાયું

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના જલારામ ધામ ખાતે રામનવમીના પાવન અવસરે શ્રી જલારામ સેવા મંડળ દ્વારા ત્રિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રભુ શ્રીરામના પૂજન અને મહાઆરતી સાથે સંસ્થાના સેવાકાર્યમાં સહયોગ આપનાર આગેવાનોનું અભિવાદન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન મોટી સંખ્યામાં ભક્તોએ હાજરી આપી



અને ફરાળ મહાપ્રસાદનો લાભ લીધો હતો, રામનવમીના અવસરે મોરબીના જલારામ ધામ ખાતે વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. બપોરે ૧૧૩૦ કલાકે પ્રભુ શ્રીરામનું પૂજન અને બપોરે ૧૨ વાગ્યે મહાઆરતી યોજાઈ હતી. આ પ્રસંગે સંસ્થાના સેવાકાર્યમાં સતત સહયોગ આપતા અગ્રણીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં જયંતિભાઈ રાજકોટીયા, નિર્મલભાઈ જારીયા, તપનભાઈ દવે, ચતુરભાઈ મકવાણા, નૈમિષભાઈ પંડિત, કાજલબેન ચંડીભમર, દીપકભાઈ પોપટ, મયુરીબેન કોટેચા, સી.પી. પોપટ, વિઠ્ઠલભાઈ ગોહેલ, જીતુભાઈ પટેલ અને પ્રભુભાઈ પનારા સહિતના આગેવાનોનો સમાવેશ થયો હતો. કાર્યક્રમના અંતે ફરાળ મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં ભક્તોએ હાજરી આપી અને પ્રસાદ ગ્રહણ કરી ધાર્મિક લાભ લીધો હતો.

# રાજ્યમાં સતત વધતો ગરમીનો પારો

રાજ્યમાં આજથી ત્રણ દિવસ માટે માવઠાની આગાહી કરાઇ છે ત્યારે ગઇકાલે ફરી આકરો તાપ સુર્યદેવતાએ વરસાવ્યો હતો. ગઇકાલે ૩૮.૯ ડિગ્રી સાથે રાજકોટ શહેર સૌથી ગરમ રહેવા પામ્યું હતું જયારે અમરેલીમાં ૩૮.૫, અમદાવાદમાં ૩૭.૬, વડોદરામાં ૩૮, ભાવનગરમાં ૩૭.૨, ડાંગમાં ૩૬.૨, ડિસામાં ૩૭.૬, ગાંધીનગરમાં ૩૭ તેમજ સુરતમાં ૩૭.૬ ડિગ્રી મહતમ તાપમાન નોંધાયુ હતું. આ ઉપરાંત આજે સવારે પણ દમણ, ભુજ, દિવ, દ્વારકા, કંડલા, નલિયા, ઓખા, પોરબંદર, સુરત, વેરાવળ અને રાજકોટમાં ૭૫ થી ૮૫ ટકા સુધી હવામાં ભેજ રહેતા સવારે શીતળ પવનનો અહેસાસ થયો હતો. જોકે મોડી સવારથી ફરી સુર્યદેવતાએ તેનો મિજાજ દર્શાવવાનું ચાલુ કરી દીધુ હતું. તેમજ જામનગર શહેરમાં છેલ્લા ૨૪ કલાકમાં મહતમ તાપમાનમાં પારો ૩૫.૫ ડિગ્રી પહોંચી છે.જ્યારે લઘુતમ તાપમાન ૨૫ ડિગ્રી રહ્યું છે. તો શહેરના વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૭૫ ટકા અને પવનની ગતિ પ્રતિકલાક ૧૦ કિમિ નોંધાઇ છે.

# ચેક બાઉન્સ કેસમાં આરોપી નિર્દોષ જાહેર

### ફરીયાદી દેવુ સાબિત કરવામાં નિષ્ફળ નિવડ્યાઃ આ આ કામમાં આરોપી પક્ષે શેઠ એસોસિએટસના એડવોકેટ ધર્મેશ શેઠ, હિત શેઠ તેમજ અંકુશ શેઠ રોકાયેલા હતા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના ચિફ જયુડી. મેજી. વી.ડી.મોઢે એક મહત્વનો ચુકાદો આપતા ચેક બાઉન્સ કેસમાં આરોપી નિલેષ મધુભાઇ મહેતાને તમામ આરોપોમાંથી નિર્દોષ જાહેર કર્યા છે. ફરીયાદી દ્વારા કોર્ટમાં રજૂ કરાયેલ હકિકત મુજબ આરોપી અને ફરીયાદી વચ્ચે વ્યવસાયક અને વિશ્વાસના સંબંધો હતા.

જેના આધારે આરોપીએ ફરીયાદી પાસેથી ૧૫ લાખ જેટલી રકમ ઉધારે લીધી હતી. આરોપીએ આપેલા ચેક બાઉન્સ થતા ફરીયાદ દાખલ કરવામાં આવી હતી. પરંતુ આ કેસ ચાલી જતા તેમા કોઇ દસ્તાવેજી પુરાવા આપેલી રકમના ફરીયાદી દ્વારા રજૂ કરવામાં ન આવતા કોર્ટે ફરીયાદી પક્ષ ગુન્હો સાબિત કરવામાં નિષ્ફળ નિવડયો છે તે માન્ય રાખી નિલેષ મહેતાને નિર્દોષ જાહેર કર્યા હતા. આ કામમાં આરોપી પક્ષે શેઠ એસોસિએટસના એડવોકેટ ધર્મેશ શેઠ, હિત શેઠ તેમજ અંકુશ શેઠ રોકાયેલા હતા.

# જેતપુરમાં પ્રેમપ્રકરણમાં મહિલાનું અપહરણ કરનાર ત્રણ મહિલા સહિત છ શખ્સો ઝડપાયા

### મેંદરડાની યુવતીને ભગાડી જનાર યુવકના ઘરે મહિલા સહિતના યુવતીના પરિવારજનો આવી પિતાને જાનથી મારી નાખવાની ધમકી આપી'તી : ગણતરીની કલાકોમાં રૂરલ એલસીબી, જુનાગઢ એલસીબી અને તાલુકા પોલીસે ત્રણ મહિલા સહિત છ શખ્સોને દબોચી લઇ અપહુત મહિલાને મુકત કરાવી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

જુનાગઢના મેંદરડાની યુવતીને ભગાડી જનાર જેતપુરના યુવકના ઘરે ત્રણ મહિલા સહિત છ શખ્સો ધસી જઇ પિતાને જાનથી મારી નાખવાની ધમકી આપી મહિલાનું અપહરણ કરવાના બનાવમાં પોલીસે ગણતરીની કલાકોમાં જ છ શખ્સોને દબોચી લઇ અપહુત જેતપુરની મહિલાને મુકત કરાવી હતી.

આ બનાવની હકિકત એવી છે કે, જેતપુરમાં બોખલા દરવાજા જગાવાડા ચોરામાં રહેતા હનીફભાઇ ગફારભાઇ ગરાણાએ જેતપુર પોલીસમાં મેંદરડાના અરબાઝ નસીર રફાઇ, સોનાબેન નાસીર રફાઇ, નાજીમ નાસીર રફાઇ, હિનાબેન જાહીદ ચૌહાણ (રહે.ગડુ), રૂકશારબેન મુસ્તાક મુરીમા, સમીર ઉર્ફે બાદશાહ ઇશુ સીરમાન (રહે.જેતપુર) સહિત છ શખ્સો વિરૂધ્ધ ફરીયાદ નોંધાવી છે કે, હનીફભાઇ પોતાના ઘરે હતા ત્યારે ઉપરોકત શખ્સો તેના ઘરે આવી કહેલ કે, તારો દિકરો અબ્દુલ કાદીર ઉર્ફે અબ્બુ અમારી સીમરન નાસીર રફાઇ (રહે.મેંદરડા) દિકરી સાથે પ્રેમ સંબંધ હોય જેને ભગાડી ગયો હોય. તારો દિકરો ક્યાં છે તેમ કહી તુ તારા દિકરાને ભુલી જજે, તેને જાનથી મારી નાખીશું. તેમ કહી બાદમાં હનીફભાઇની દિકરી સીમરનના ઘરે જઇ ઉપરોકત શખ્સોએ તારો ભાઇ ક્યાં છે તેમ કહી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ત્યારબાદ જેતપુરમાં આવેલ વોરા સમાજની વાડીએ કેટરશનું કામ કરવા ગયેલા મુમતાઝબેનનું ઉપરોકત શખ્સો અપહરણ કરી ગયાની ફરીયાદ નોંધાવી હતી. જેના પગલે ગ્રામ્ય એલસીબીના પીઆઇ વી.વી.ઓડેદરા તથા તેની ટીમના પોલીસ જવાનોએ જુનાગઢ એલસીબી પોલીસની મદદ લઇ જુનાગઢમાંથી અપહરણ કરનાર ત્રણ મહિલા સહિત છ શખ્સોની ધરપકડ કરી અપહુત મુમતાઝબેનને મુકત કરાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# રાજકોટ-ભાવનગર હાઇવે પર ઢાંઢણી ગામના પાટીયા પાસે કારમાં ૨.૧૬ લાખના વિદેશી દારૂ સાથે બુટલેગર ઝબ્બે

### આજીડેમ ચોકડી બાયપાસ રોડ પર ૭૫૦ લીટર દેશી દારૂ ભરેલી બોલેરો સાથે બે શખ્સો ઝડપાયા





**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરમાં મોટા ભાગે જસદણ પંથકમાંથી વિદેશી દારૂ ઘુસાડવાનું બુટલેગરો માટે સહેલુ બની ગયું હોય તેમ વધુ એકવાર રાજકોટ-ભાવનગર હાઇવે પર કારમાં રૂ.૨.૧૬ લાખના વિદેશી દારૂ સાથે જામનગરના બેરાજા ગામના બુટલેગરને પીસીબીની ટીમે દબોચી લઇ કાર સહિત રૂ.૪.૧૬ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

આ અંગેની માહિતી મુજબ ગુન્હા નિવારણ શાખાની ટીમના ઇન્ચાર્જ પીઆઇ એમ.આર.ગોંડલીયા, એમ.જે.હુણની સુચનાથી હેડ કોન્સ. કુલદિપસિંહ જાડેજા, વિજયભાઇ મેતા, કોન્સ. યુવરાજસિંહ રાણા સહિતનો સ્ટાફ રાજકોટ-ભાવનગર હાઇવે પર પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમી મળી હતી કે, જસદણ પંથકના ગ્રામ્ય વિસ્તારમાંથી વિદેશી દારૂનો જથ્થો લઇ કારમાં એક શખ્સ રાજકોટ તરફ આવી રહ્યો હોવાની હકિકત મળતા પોલીસે વોચ ગોઠવી હતી ત્યારે ઢાંઢણી ગામના પાટીયા પાસે વર્ના કાર નં.જીજે૧૦બીજી૧૨૨૨ માં એક શખ્સ શંકાસ્પદ નિકળતા પોલીસે તેને અટકાવી નામઠામ પુછતા પોતે પોતાનું નામ દિગ્વીજયસિંહ ઉર્ફે દિગુભા રણજીતસિંહ જાડેજા (રહે.બેરાજા (પસાયા), તા. જી. જામનગર) હોવાનું જણાવ્યું હતું પોલીસે કારની તલાસી લેતા વિદેશી દારૂના અલગ-અલગ બ્રાન્ડના ૧૮૦ એમએલના ૪૮૦ ચપલા કિંમત રૂ.૨.૧૬ લાખનો જથ્થો મળી આવતા પોલીસે બુટલેગર દિગ્વીજયસિંહ ઉર્ફે દિગુભાની ધરપકડ કરી કાર સહિત રૂ.૪.૧૬ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

જયારે અન્ય એક બનાવમાં ક્રાઇમ બ્રાન્ચના કોન્સ. રાજેશભાઇ ચાવડા, કનકસિંહ સોલંકી સહિતનો સ્ટાફ આજીડેમથી ગોંડલ ચોકડી તરફના બાયપાસ રોડ તરફ પેટ્રોલિંગમાં હતા તે દરમ્યાન સાયલા તાલુકાના ચોરવીડા ગામનો કિશન ભીખા માથાસુદીયા અને કેશરપર ગામનો ધવલ ઉર્ફે રમેશ કરશન મણદુરીયા નામના બે શખ્સોને બોલેરો પીકઅપ વાનમાં ૭૫૦ લીટર દેશી દારૂ કિંમત રૂ.૧.૫૦ લાખ સાથે દબોચી લઇ બોલેરો સહિત રૂ.૩.૫૦ લાખનો મુદ્દામાલ કબ્જે કરી દારૂનો જથ્થો સપ્લાય કરનાર ચોરવીરા ગામના પરેશ રવજી માથાસુડીયાની શોધખોળ આદરી છે.

# નાનામૌવા સર્કલ પાસે મારવાડી બિલ્ડિંગમાં ભીષણ આગ, અફરાતફરી

### શોર્ટ સર્કિટના કારણે લાગેલી આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું : પાંચ ફાયર ફાઇટરોએ ૪૫ મિનિટની જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો











**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના નાનામૌવા રોડ પર આવેલી જાણીતી મારવાડી શેર્સ એન્ડ ફાઈનાન્સની ઓફિસમાં શુક્રવારે રાત્રે ૧૦૧૫ વાગ્યાના અરસામાં અચાનક આગ ફાટી નીકળી હતી. જોતજોતામાં આગે એટલું વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું કે બિલ્ડિંગના ગ્રાઉન્ડ ફ્લોરથી લઈને સાતમા માળ સુધી અગનજવાળાઓ જોવા મળી હતી. આ ભયાનક દ્રશ્યો જોઈને રાહદારીઓ અને સ્થાનિક રહીશોમાં ફાળ પડી હતી.

બિલ્ડિંગની બાજુમાં આવેલી સોસાયટીમાં રહેતા પ્રત્યક્ષદર્શી મથુરભાઈ પાંભરે જણાવ્યું હતું કે, ''રાત્રે ૧૦૧૫ વાગ્યે પહેલા બિલ્ડિંગમાં ધુમાડા દેખાયા હતા. મેં તરત જ બિલ્ડિંગની સિક્યોરિટી કેબિન તરફ દોડી જઈ સ્ટાફને જાણ કરી હતી. સિક્યોરિટીએ અંદર કામ કરતા કર્મચારીઓને એલર્ટ કરતા તેઓ તુરંત બહાર દોડી આવ્યા હતા. મેં પોતે જ ફાયર વિભાગને ફોન કરીને જાણ કરી હતી.'' મયુરભાઈની આ સતર્કતાને કારણે મોટી હોનારત ટળી હતી.

ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડનો કાફલો પાંચ ફાયર ફાઈટરો સાથે ઘટનાસ્થળે દોડી ગયો હતો. અંદાજે ૪૫ મિનિટ સુધી સતત પાણીનો મારો ચલાવ્યા બાદ આગ પર કાબૂ મેળવી શકાયો હતો. પ્રાથમિક તપાસમાં આ આગ ઈલેક્ટ્રિક પેનલમાં શોર્ટ સર્કિટ થવાને કારણે લાગી હોવાનું સામે આવ્યું છે. સદનસીબે, આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. સામાન્ય રીતે રાત્રિના સમયે ઓફિસ ખાલી હોય છે, પરંતુ હાલ માર્ચ એન્ડિંગનું કામ ચાલતું હોવાથી કેટલાક કર્મચારીઓ ઓફિસમાં હાજર હતા. આગ લાગતાની સાથે જ તમામ કર્મચારીઓ સલામત રીતે બિલ્ડિંગની બહાર નીકળી ગયા હતા. આગને પગલે નાનામૌવા રોડ પર ટ્રાફિક જામ સર્જાયો હતો, જેને નિયંત્રિત કરવા માલવિયાનગર પોલીસનો સ્ટાફ પણ તુરંત કાર્યરત થયો હતો.

# જુગારમાં લાખો રૂપિયા હારી જતા યુવાનનો આપઘાતનો પ્રયાસ

### ૨૦ લાખ હારી જતાં ૧૦ ટકા નાણાં વ્યાજે લીધા હતાં : ફિનાઈલ પીધું



**મુખ્ય સમાચાર, રાજકોટ**

કોઠારીયા સોલ્વન્ટ વિસ્તારમાં આવેલા રસુલપરામાં રહેતા ૪૦ વર્ષીય હકીમભાઈ ઈસ્માઈલભાઈ બુકેરા નામના યુવાને ગત બપોરે સાડા ત્રણ વાગ્યાની આસપાસ માલધારી ફાટક પાસે ફિનાઈલ પી લેતા તેમને તાત્કાલિક સારવાર અર્થે સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. હકીમભાઈ વ્યવસાયે કારખાનામાં મજૂરી કામ કરીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા હતા. તેમના પરિવારમાં બે દીકરા અને એક દીકરી છે. ઘરની તમામ જવાબદારી તેમના શિરે હતી, પરંતુ એક ટૂંકી લાલચ અને જુગારની લતે હસતા-રમતા પરિવારને મુશ્કેલીમાં મૂકી દીધો છે.

મળતી માહિતી મુજબ, હકીમભાઈ છેલ્લા દોઢેક મહિનાથી તીનપત્તીનો જુગાર રમવાની અને રમાડવાની પ્રવૃત્તિમાં સામેલ થઈ ગયા હતા. શરૂઆતમાં નસીબ અજમાવવાની આ રમત ધીમે ધીમે વ્યસન બની ગઈ અને જોતજોતામાં તેઓ આ જુગારમાં ૨૦ લાખ રૂપિયા જેવી મોટી રકમ હારી ગયા હતા. મજૂરી કામ કરતા વ્યક્તિ માટે આટલી મોટી રકમ ભરપાઈ કરવી અશક્ય હતી. આ આર્થિક ભીંસમાંથી બહાર નીકળવા માટે તેમણે અન્ય સ્થાનેથી ઊંચા વ્યાજે નાણાં લેવાની શરૂઆત કરી હતી, જેના કારણે તેઓ દેવાના એવા વિષચક્રમાં ફસાયા કે જેમાંથી બહાર નીકળવાનો તેમને કોઈ રસ્તો દેખાયો નહીં. પોતાનું ૨૦ લાખનું દેણું ચૂકવવા માટે હકીમભાઈએ ૧૦ ટકાના ઊંચા વ્યાજદરે નાણાં લીધા હતા. સમય જતાં વ્યાજનું વ્યાજ ચડતું ગયું અને લેણદારોની ઉઘરાણી વધવા લાગી. એક તરફ કારખાનાની સામાન્ય મજૂરી અને બીજી તરફ લાખોનું દેણું અને વ્યાજની રકમ ચૂકવવાનું દબાણ વધતા તેઓ માનસિક રીતે ભાંગી પડયા હતા. આર્થિક સંકડામણ અને વ્યાજખોરોના ડરને કારણે અંતે કંટાળીને તેમણે માલધારી ફાટક પાસે આ આત્મઘાતી પગલું ભર્યું હતું. હાલ હોસ્પિટલમાં તેમની સારવાર ચાલી રહી છે અને આ મામલે આજીડેમ પોલીસે વધુ તપાસ કરી રહી છે.

# બે દંપતીને વિદેશમાં નોકરીની લાલચ આપી રૂા. ૧૦.૫૩ લાખની છેતરપિંડી

### યુવાન અને તેના સાળાને વિદેશમાં નોકરીની લાલચ આપી સુરતના એજન્ટે ફસાવ્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટની બી.જી.ગારીયા મેડીકલ કોલેજમાં નોકરી કરતા અને શાપરની સર્વોદય સોસાયટીમાં રહેતાં યુવાન અને તેના સાળાને વિદેશમાં નોકરીની લાલચ આપી સુરતના એજન્ટે ફસાવ્યા હતા બન્નેને તેમની પત્ની સાથે મકાઉમાં નોકરી અપાવી દેવાનું કહી સુરતના રમેશ રાઠોડ નામના શખ્સે ટુરીસ્ટ વીઝા મકાઉ મોકલી નોકરી નહીં અપાવી રૂા.૧૦.૫૩ લાખની ઠગાઈ કર્યાની શાપર પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

બી.જી.ગારીયા મેડીકલ કોલેજમાં નોકરી કરતા અને શાપરની સર્વોદય સોસાયટીમાં રહેતાં રવિભાઈ, જીવાભાઈ પરમારે પોલીસને જણાવ્યું કે ૨૦૨૪માં તેના નાનાભાઈ રોહિતના લગ્ન ખર્ચના કારણે પરિવાર પર દેણું થઈ ગયું હોવાથી તેણે વિદેશમાં જઈ નોકરી કરી રૂપિયા કમાવવાનું વિચાર્યું હતું. આ માટે તેણે તેના સાળા અલ્પેશભાઈ રમેશભાઈ ચાવડાને વાત કરતાં તેણે પણ સાથે આવવાનું જણાવ્યું હતું.

આથી બંનેએ એજન્ટની તપાસ કરી હતી. આ સમયે તેના સંબંધી મારફતે આરોપી રમેશ રાઠોડનો સંપર્ક થયો હતો. આરોપીએ એજન્ટ તરીકેની ઓળખ આપી હું લોકોને અલગ-અલગ દેશમાં ટુરીસ્ટ વીઝાના આધારે મોકલી તે દેશમાં સારી એવી નોકરી અપાવી વિદેશમાં કાયમી કરી આપવાનું એજન્ટ તરીકેનું કામ કરું છું તેમ વાત કરી હતી. આથી તે ચાર લોકો હોવાથી રશિયામાં જવાનું કહેતાં આરોપીએ હું રશિયાનાં વીઝા, ફલાઈટ ટિકિટો આપી તમે ત્યાં પહોંચો ત્યારે સારી હોટલમાં, બધાની નોકરી પાક્કી કરાવી આપીશ. તેના બદલામાં એક વ્યક્તિ દીઠ ૩.૫૦ લાખ આપવા પડશે તેમ કહ્યું હતું. ત્યાર બાદ શાપરમાં લગ્નપ્રસંગમાં આવેલા આરોપીએ રશિયાના વીઝા મળી શકે તેમ નથી પરંતુ મકાઉ વીઝા ફ્રી દેશ છે. અગાઉથી જ તમારી બધાની નોકરી પાકી કરાવી આપું છું. ત્યાં પહોંચો તે સાથે જ્યારેયની નોકરીની જવાબદારી મારી ઉપર તે માટે તમારે વ્યક્તિ દીઠ ૨.૯૦ લાખ આપવા પડશે તેમ કહેતાં તેમણે હા પાડી આરોપીને અગાઉના અને કટકે-કટકે મળી રૂા.૫.૬૭લાખ અને તેના સાળાએ રૂા. ૪.૮૬ લાખ મળી કુલ રૂા. ૧૦,૫૩ લાખ તેના, તેના પત્ની વર્ષાબેન, તેના સાળા અલ્પેશ અને અલ્પેશની પત્ની જાનવીબેનના વીઝા કરાવવા અને નોકરી અપાવવા તેમજ પરમેનેન્ટ કરાવવા આરોપીને આપ્યા હતા. તેના બદલામાં આરોપીએ ચારેયની ફલાઈટ ટિકિટો આપી, મેં તમારી નોકરી પાક્કી કરી આપી છે, ત્યાં પહોંચતા મારો માણસ આવી જશે અને બધી વ્યવસ્થા કરી દેશે તેમ કહેતાં ચારેય દિલ્હીથી બેંકોક અને ત્યાંથી ગઈ તા. ૧૭ના મકાઉ પહોંચ્યા હતા.

# અગ્નિવીરની ભરતીમાં દોડ દરમિયાન ઉનાના વાંધોજ ગામના યુવાનનો પગ ભાંગી ગયો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રેસકોર્સ મેદાન ખાતે હાલ અગ્નિવીરની આર્મી ભરતી પ્રક્રિયા ચાલી રહી છે, જેમાં અનેક યુવાનો પોતાના દેશસેવાના સપનાને સાકાર કરવા માટે ઉમટી પડયા છે. આ દરમિયાન ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના વાંધોજ ગામનો ૨૦ વર્ષીય યુવાન ભાવેશ રમેશભાઈ કોટડીયા શારીરિક કસોટી આપવા માટે આવ્યો હતો. બપોરના ૧૨૦૦ વાગ્યાના સુમારે જ્યારે ૧૬૦૦ મીટરની દોડ ચાલી રહી હતી, ત્યારે ભાવેશ ઉત્સાહભેર દોડી રહ્યો હતો.

જોકે, કમનસીબે છેલ્લા રાઉન્ડ દરમિયાન અચાનક સંતુલન ગુમાવતા તે ગ્રાઉન્ડ પર પછડાયો હતો. આ ઘટનામાં તેને ગંભીર ઈજા પહોંચી હતી અને તેનો પગ ભાંગી ગયો હતો. તાત્કાલિક ધોરણે તેને પ્રાથમિક સારવાર આપી રાજકોટની સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. ભાવેશના પારિવારિક પૃષ્ઠભૂમિની વાત કરીએ તો તેના પિતા કડીયા કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. ભાવેશ પોતે હાલ કોલેજમાં અભ્યાસ કરી રહ્યો છે અને મધ્યમવર્ગીય પરિવારમાંથી આવતો હોવાથી વહેલી તકે સરકારી નોકરી મેળવી પિતાને મદદરૂપ થવા માંગતો હતો.

# નાનામવા રોડ પર હોટલમાં સગીરા પર દુષ્કર્મ: વેઈટરની ધરપકડ

### રૂમમાં સાફ સફાઈ કરવાના બહાને બોલાવી કૃત્ય આચર્યુ : તાલુકા પોલીસ દ્વારા આરોપીની આકરી પુછતાછ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના કાલાવડ રોડ પર આવેલી હોટેલમાં સગીરા કર્મચારી પર વેઈટરે દુષ્કર્મ ગુજારી લીધાનો બનાવ સામે આવતા તાલુકા પોલીસે તપાસ કરતા રૂમની સફાઈ માટે સગીરાને બોલાવી વેઈટરે જ સગીરાને દુષ્કર્મનો શિકાર બનાવી હોવાનુ બહાર આવતા પોલીસે આરોપીની ધરપકડ કરી હતી.

આ બનાવ અંગે ની માહિતી મુજબ શહેરમાં કાલાવડ રોડ પર આવેલ હોટલમાં રીસેપ્શન મેનેજર તરીકે નોકરી કરતી યુવતીએ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે નાના મવા રોડ પર રહેતો યોગેન્દ્ર લોહાર નું નામ આપ્યુ હતુ. તે કાલાવડ રોડ પરની જાણીતી હોટલમા છેલ્લા આઠ મહિનાથી નોકરી કરે છે. અને તેઓ અન્ય યુવતીઓ સાથે રૂમ રાખી રહેતી હોય ગઈ તા.૨૫ ના રાત્રિના રૂમ પર જતા ત્યારે તેની સાથે રહેતી બહેનપણીને વાત કરી હતી કે,હોટલમાં કામ કરતા યોગેંદ્ર લોહારએ ફોન કરી કહેલ કે, તમારા રૂમ પર રહેતી અન્ય એક છોકરી સાફ સફાઈ માટે આવે છે, તુ પણ આવી જા. તેથી હુ હોટેલથી નીકળી રૂમની સફાઈ માટે ગઈ હતી ત્યા યોગેંદ્ર લોહાર રૂમમાં હાજર હોય તેણે મને અંદર ખેંચીને રૂમ અંદરથી રૂમ બંધ કરી દીધેલ અને કહેલ કે, જો તુ દેકારો કરીશ તો તને જાનથી મારી નાંખીશ તેમ કહી મને બળજબરીથી પકડીને બળજબરીથી શરીર સંબંધ બાંધેલ હતો. ત્યારબાદ આ યોગેંદ્ર રૂમ પરથી જતો રહેલ તેમ સગીરાએવાત કરેલ અને તે ગભરાઈ ગયેલ હતી. તેને હિમ્મત આપી ફરીયાદ નોંધાવેલ હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી તાલુકા પોલીસ મથકના ઈન્ચાર્જ પીઆઈ એમ. જે.હુણ અને ટીમે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી હતી.

# સાધના સોસાયટીમાં એપાર્ટમેન્ટના પાર્કિંગમાં સિલિન્ડરના ઢગલામાં બ્લાસ્ટ સાથે આગ: બે દાઝ્યા

### કેટરર્સનો ધંધો કરતા અશોક રૈયાણીએ ભરેલા ૪૦ ગેસ સિલિન્ડર, ડીઝલ ભરેલા પાંચ કેરબા સંગ્રહિત કર્યા'તા: પાણી ગરમ કરતી વખતે આગ લાગતાં બે સિલિન્ડરમાં બ્લાસ્ટ : ફાયરબ્રિગેડે ચાર જ મિનિટમાં પહોંચી આગ કાબૂમાં લીધી: એક કાર, સ્કૂટર સળગી ગયા









**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં રહેણાક એપાર્ટમેન્ટના પાર્કિંગમાં ૪૦ સિલિન્ડરનો ઢગલો પડયો હોય તેમાં આગ લાગતાં બે સિલિન્ડરમાં બ્લાસ્ટ થતાં અફડાતફડી મચી જવા પામી હતી. જો કે ચાર જ મિનિટમાં ઠાયર બ્રિગેડે પહોંચી જઈ ૪૬ મિનિટ સુધી પાણીનો મારો ચલાવી આગ કાબૂમાં લઈ લેતાં ૩૮ સિલિન્ડરમાં બ્લાસ્ટ થતો રહી ગયો હતો સાથે સાથે મોટી ખુંવારી રહેજમાં અટકી હતી. જો કે આ આગને કારણે બે લોકો દાઝી જતાં તેમને હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા.

વધુમાં જાણવા મળ્યા પ્રમાણે સહુકાર મેઈન રોડ પર સાપના સોસાયટી શેરી નં.૨/૫ના ખૂણે આવેલા ગ્રાઉન્ડ ફ્લોર-બે માળના રહેણાક બિલ્ડિંગના પાર્કિંગમાં બપોરે ૧૨૫૫ વાગ્યે આગ લાગ્યાનો કોલ હાપર બ્રિગેડને મળતાં જ ચાર મિનિટમાં કાયર ફાઈટર સાથેના કાફલા સાથે દોડી જઈ પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવવા પ્રયાસ શરૂ કર્યો હતો. ૪૬ મિનિટ સુધી પાણીનો મારો ચલાવ્યા બાદ ૧૪૫ વાગ્યે આગ કાબૂમાં આવી ગઈ હતી.

તપાસ કરતાં જ્યાં આગ લાગી તે રહેણાક એપાર્ટમેન્ટના પાર્કિંગમાં ૪૦ એલપીજી સિલિન્ડર તેમજ પાંચ લીટર ડીઝલ ભરેલા કેરબા ઉપરાંત કેટરર્સના વ્યવસાયને લગતી સામગ્રી પહેલી હતી. કેટરર્સના માલિક અશોક કરશનભાઈ રૈયાણીએ જણાવ્યું કે પાણી ગરમ કરતી વખતે ગેસ લીકેજ થતાં આગ લાગી હતી. જો કે આ વાત તંત્રને ગળે ઉતરી રહી નથી. ફાયરબ્રિગેડની સમયસુચકતાને કારણે સમયસર આગ કાબૂમાં આવી જતાં ભાકી રહી ગયેલા ૩૮ સિલિન્ડર બ્લાસ્ટ થતાં બચી ગયા હતા. જો આ બ્લાસ્ટ થયો હતો તો કેવી ખુંવારી સર્જાઈ હોત તેની કલ્પના જ કરવી પડે !એકંદરે કારણે જીજે-ડકેપી-૬૮૦૭ નંબરની અર્ટિગા કાર તેમજ જીજે-એચજે-૬૮૦૭ નંબરનું ટર સળગી ગયું હતું તેમજ મોહિત દીપકભાઈ ત્રિવેદી (ઉ.વ.૨૦) અને શામજીભાઈ લાખાભાઈ દેસાઈ (ઉ.વ.૭૭) દાઝી ગયા હતા. બાજુના જ એપાર્ટમેન્ટમાં આગ લાગતાં બુઝાવવા માટે આ બન્ને ત્યાં ગયા હતા પરંતુ સિલિન્ડર બ્લાસ્ટ થતાં દાઝી ગયા હતા.

# રાજકોટમાં પતિ નશો કરીને ઝઘડો કરતો હોવાથી પરણિતાએ ૧૮૧ અભયમ પાસે મદદ માગી

### રાજકોટ અભયમની ટીમે કાઉન્સિલિંગ કરી બંને વચ્ચે સુખદ મિલન કરાવ્યું




**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેર ના એક વિસ્તારમાંથી પીડિતાનો ૧૮૧ મહિલા હેલ્પલાઇન પર કોલ આવતા તેમણે જણાવેલ કે તેમના પતિ નશો કરીને ઘરે આવી ઘરમાં તોડફાડ કરે છે ઘરમાં જમવાનું બનાવેલું ફેંકી દે છે તેમજ હેરાન કરે છે અને બાળકોને હેરાન કરી અભદ્ર શબ્દ બોલે છે જેથી ૧૮૧ અભયમ ટીમ તાત્કાલિક સ્થળપર પહોંચી પીડિતા સાથે વાતચીત કરતા તેમણે જણાવેલ કે તેમના અરેન્જ મેરેજ ના ૧૮ વર્ષ થયા અને પતિ પત્નીના સંતાનમાં એક દીકરી અને એક દીકરો છે પતિ છૂટક મજૂરી કામ કરે છે અને બધા પૈસાનો નશો કરી જાય છે ઘરમાં દારૂના નશામાં આવતા તોડફોડ કરે છે કપડા વેરવિખેર કરી નાખ્યા હતા અને ઘરના વાસણો ફેંકવા લાગ્યા પરણીતા મજુરી કામ કરીને બાળકોનું ધ્યાન રાખે છે પતિ બધા પૈસા નશો કરી જાય અને ઝઘડો કરે છે અને પતિને જમવાનું સારું જોઈએ આમ રોજ રોજના આવા ત્રાસથી કંટાળી પીડિતા પરણિતાએ ૧૮૧ મહિલા હેલ્પલાઇન પર મદદ માગી હતી અને અભયમ ટીમ એ બંને પક્ષનું કાઉન્સિલિંગ કરી તેમજ પતિને કાયદાકીય સમજ આપી જેથી પતિને તેમને ભૂલો સમજાય અને પત્ની પાસે માફી માંગી અને ફરી આવું વર્તન કે ઝઘડો કે ઘરમાં કોઈ નુકસાન ના કરે તેવી બાહેધરી આપેલી ને જણાવેલ કે મારી પત્ની અને બાળકોઓનું ધ્યાન રાખીશ અને અભદ્ર શબ્દો ના બોલુ તેમજ પતિ પત્ની બંને વચ્ચે સુખદ સમાધાન કરાવ્યું હતું આમ ૧૮૧ ટીમ દ્વારા અસરકારક કાઉન્સલિંગ કરી પતિ પત્નીને સમજાવી સુખદ સમાધાન કરાવ્યું હતું